સુવિચાર

કોઈની ટીકા કરીએ ત્યારે આપણી ઓછી અક્કલ કે અજ્ઞાનતાનું માપ ન નીકળી આવે તેની ખાસ તકેદારી રાખવી જોઈએ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




હળવદમાં દંપતિને ઘરમાંથી બહાર ઢસડી હુમલોઃ પતિની હત્યા P-4

Year-16, Issue-291 ■ DATE : 25-03-2026 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમેરિકાએ ઈરાન સામે જંગ જીતી લીધાનો ટ્રમ્પનો દાવો

**ઈરાનના નૌકાદળ અને વાયુસેના સંપૂર્ણપણે નાશ પામ્યા છે : અમેરિકાની યુદ્ધ વિરામની ચાલ પર ઈરાનને આશંકા : ઈરાને મને એક બહુ મોટી ગીફ્ટ મોકલી છે જે મને મળી ગઈ છે**



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાએ ઈરાન સાથે યુદ્ધ જીતી લીધું છે. તેમણે કહ્યું કે ઈરાનની નૌકાદળ અને વાયુસેના સંપૂર્ણપણે નાશ પામી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરીના શપથ ગ્રહણ સમારોહ દરમિયાન આ નિવેદન આપ્યું હતું. ટ્રમ્પે ચાલુ વાટાઘાટોનો પણ ઉલ્લેખ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ઈરાન સોદો કરવા માંગે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે તેમની જગ્યાએ કોઈપણ આવું ઇચ્છશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ઈરાને એક મોટી ભેટ મોકલી છે, જે તેમને મળી છે.

ટ્રમ્પે કહ્યું હતું કે તેમની નૌકાદળ નાશ પામી છે, તેમની વાયુસેના નાશ પામી છે, તેમના સંદેશાવ્યવહાર ખતમ થઈ ગયા છે. તેમની પાસે જે કંઈ હતું તે લગભગ ખતમ થઈ ગયું છે. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે અમે વાટાઘાટો કરવા માટે શ્રેષ્ઠ સ્થિતિમાં છીએ. ઈરાન પાસે કોઈ નૌકાદળ નથી, કોઈ વાયુસેના નથી અને કોઈ મિસાઈલ સંરક્ષણ નથી.

આપણે આ યુદ્ધ જીતી લીધું છે. શાબ્દિક રીતે, અમારા વિમાનો તેહરાન અને તેમના દેશના અન્ય ભાગો પર ઉડી રહ્યા છે. તેઓ તેના વિશે કંઈ કરી શકતા નથી. ઉદાહરણ તરીકે, જો હું કોઈ પાવર પ્લાન્ટ તોડી પાડવા માંગતો હોત, તો તેઓ તેના વિશે કંઈ કરી શકતા ન હતા. તેઓ સંપૂર્ણપણે પરાજિત થઈ ગયા છે. લશ્કરી રીતે, તેઓ સમાપ્ત થઈ ગયા છે.

જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે તેઓ ઈરાન સાથે વાટાઘાટો કેમ કરી રહ્યા છે, ત્યારે તેમણે કહ્યું કે ઈરાને તેમને એક મોટી ભેટ મોકલી છે. તેઓએ અમને ભેટ આપી હતી, અને આજે અમને તે મળી. તે ખૂબ જ મોટી ભેટ હતી, જે ખૂબ મૂલ્યવાન હતી, ટ્રમ્પે કહ્યું. તેનો ફક્ત એક જ અર્થ હતોઃ અમે યોગ્ય લોકો સાથે વ્યવહાર કરી રહ્યા છીએ.

જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું આ ભેટ ઈરાનના પરમાણુ કાર્યક્રમ વિશે છે, ત્યારે તેમણે જવાબ આપ્યો, તે પરમાણુ શક્તિ વિશે નથી. તે તેલ અને ગેસ વિશે છે. ટ્રમ્પે વધુમાં કહ્યું કે ઈરાનનું નેતૃત્વ પૂરું થઈ ગયું છે. અગાઉના સુપ્રીમ લીડર ખામેનીનો યુગ પૂરો થઈ ગયો છે. નવા સુપ્રીમ લીડર જે આવ્યા તેમને પણ નોંધપાત્ર આંચકો લાગ્યો. ટ્રમ્પે કહ્યું કે તેઓ એવા લોકો સાથે વ્યવહાર કરી રહ્યા છે જેઓ હવે આગળ આવ્યા છે. તેમણે અમને આપેલી ભેટ ખૂબ જ મહત્વપૂર્ણ હતી. તે તેલના પ્રવાહ, એટલે કે સ્ટ્રેટ સાથે સંબંધિત હતી.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે ઈરાન પાસે કોઈ પરમાણુ શષાો રહેશે નહીં અને દાવો કર્યો કે ઈરાન આ માટે સંમત થયું છે. આપણે જે કંઈ ઇચ્છીએ છીએ તેને નિયંત્રિત કરી શકીએ છીએ. તેમની પાસે ચોક્કસ વસ્તુઓ હોઈ શકતી નથી. શરૂઆત તેમની પાસે પરમાણુ શષાો ન હોવાથી થાય છે, અને તેઓ તેના માટે સંમત થયા છે.

## અમેરિકા અને ઈરાન વચ્ચે પાક.માં મંત્રણા યોજાય તેવા સંકેત



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત અને ઈરાનના મૌન વચ્ચે એક ચેનલ ડિપ્લોમસી ચાલુ જ હોવાના સંકેત છે અને અમેરિકા ઈરાન વચ્ચે પાકિસ્તાનમાં મંત્રણા યોજાય તથા અમેરિકાના વાઈસ પ્રેસીડેન્ટ જે.ડી.વાન્સ આ વાટાઘાટમાં અમેરિકી નેતૃત્વ કરે તેવા સંકેત છે. તો ઈરાન તરફથી શક્તિશાળી સંસદ અધ્યક્ષ મોહમ્મદ બર્કર કવાલીબાફ વાટાઘાટમાં જોડાય તેવી ધારણા છે. જે.ડી.વાન્સ આગામી સમયમાં પાકિસ્તાન પહોંચી શકે છે. તેઓએ ગઈકાલે ઈઝરાયેલના વડાપ્રધાન શ્રી બેન્જામીન નેતાન્યાહુ સાથે વાત કરી હતી. પાકના વડાપ્રધાન શાહબાઝ શરીફે પણ સોશ્યલ મીડીયા પોસ્ટમાં ઈરાન-અમેરિકા વચ્ચેની વાટાઘાટનું યજમાન બનવા પાકિસ્તાન તૈયાર હોવાનો દાવો કર્યો હતો. જો કે પ્રમુખ ટ્રમ્પે આ અંગે કોઈ સંકેત આપ્યો નહી પણ ડિપ્લોમેટીક સૂત્રોના જણાવ્યા મુજબ આગામી સપ્તાહે ઈસ્લામાબાદમાં આ વાટાઘાટ યોજાઈ શકે છે. ઈરાને ટ્રમ્પના જમાન જેરેડ કુશનર સાથે વાટાઘાટનો ઈન્કાર કરતા જે.ડી.વાન્સ ચિત્રમાં આવ્યા હતા.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૫/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૪/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૪૬,૭૨૦ | ₹૨,૫૦,૦૦૦ |
| | +૩,૭૬૦ | +૧૫,૦૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૩.૯૪ | ₹૧૨૫.૮૪ |

## સાયબર ફ્રોડમાં રૂ. ૨૦૧ કરોડની ઠગાઈથી ગૃહ ગરમાયું

ગુજરાત વિધાનસભાના પ્રશ્નકાળમાં સાયબર ક્રાઈમ અને ડ્રગ્સ મામલે ગૃહ ગરમાયું હતું, જેમાં અમદાવાદ અને સુરતમાં છેલ્લા બે વર્ષમાં ૨૦૧ કરોડથી વધુની સાયબર ઠગાઈ થઈ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. અમિત ચાવડા અને તુષાર ચૌધરી સહિતના ધારાસભ્યોના પ્રશ્નોના જવાબમાં સાયબર ફ્રોડના આંકડાથી લઈને સાબરકાંઠા ડ્રગ્સ કેસમાં પોલીસકર્મીઓ સામે થયેલી કાર્યવાહીની વિગતો રજૂ કરવામાં આવી હતી. જોકે, પ્રશ્નોના જવાબોમાં મંત્રીઓ દ્વારા કરવામાં આવેલા વિષયાંતર અને અપૂરતી માહિતીને લઈને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ કડક વલણ અપનાવી મંત્રીઓ સહિત અધિકારીઓને પણ જાહેરમાં ઠપકો આપ્યો હતો. ગૃહમાં ગંભીર ચર્ચાઓ વચ્ચે અધ્યક્ષ દ્વારા ધારાસભ્ય કેશુભાઈ પટેલને ભૂલથી કેશુબાપા સંબોધતા હાસ્યનું મોજું પણ ફરી વળ્યું હતું. અમિત ચાવડા દ્વારા ગૃહમાં ઉઠાવાયેલા પ્રશ્નમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા. છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં ૧,૩૪,૪૫,૪૪,૯૭૫ અને સુરત શહેરમાં ૬૬,૯૩,૧૦,૯૪૧ જેટલો સાયબર ફ્રોડ થયો હોવાનું ગૃહમાં જણાવાયું, જે કુલ મળીને ૨,૦૧,૩૮,૫૫,૯૧૬ થાય છે.

## મધ્યપૂર્વના યુદ્ધમાં સમાધાનના આશાવાદે શેરબજારમાં ૧૪૦૦ પોઈન્ટનો ઉછાળો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્ય પૂર્વનું યુધ્ધ સમાધાનની વાટાઘાટો તરફ આગળ વધવા લાગ્યું હોવાનું સ્પષ્ટ થતાં શેરબજાર સહિતની માર્કેટોમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. ભારતીય શેરબજારમાં સેન્સેક્સ ૧૪૦૦ પોઈન્ટના ઉછાળાથી ૭૫૪૭૦ સાંપડ્યો હતો.

નીફટી ૪૫૦ પોઈન્ટ વધીને ૨૩૩૬૨ થયો હતો. મીડકેપ ઈન્ડેક્સમાં ૧૩૦૦ પોઈન્ટ તથા બેન્ક ઈન્ડેક્સમાં ૧૨૫૦ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો. એશિયન માર્કેટોમાં પણ જોરદાર તેજી રહી હતી. બીજી તરફ ક્રૂડ તેલમાં ગાબડા પડ્યા હતા.

ડબલ્યુટીઆઈ ક્રૂડ ચાર ટકા ઘટીને ૮૮.૯૧ ડોલર તથા બ્રેન્ટ ક્રૂડ પાંચ ટકા ઘટીને ૯૯.૭૦ ડોલર સાંપડ્યું હતું. સોનામાં જોરદાર તેજી થઈ હતી. વિશ્વ બજારમાં ૪૫૬૦ ડોલર થવા સાથે ભારતીય માર્કેટમાં ૫૦૦૦ વધીને ૧૪૩૭૫૦ થયું હતું. ચાંદી ૧૨૦૦૦ના ઉછાળાથી ૨.૩૬ લાખ થઈ હતી.

## ઐતિહાસીક યુનિફોર્મ સિવિલ કોડ બિલ ગુજરાત વિધાનસભામાં પસાર

### ૭:૩૦ કલાકની ચર્ચા બાદ વિધેયક પસાર કરાયું : કોંગ્રેસનો વોકઆઉટ



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત વિધાનસભામાં સાડા સાત કલાકની લાંબી ચર્ચા બાદ ઐતિહાસિક સમાન નાગરિક સંહિતા વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભામાં જય શ્રી રામના નારા લાગ્યા હતા.

આ વિધેયક કોઇ સમુદાય કે વર્ગની સંસ્કૃતિ મિટાવવા નથી પરંતુ તમામ નાગરિકોને સમાન અધિકાર આપવા માટે હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કર્યું હતું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતની બ્હેનો-માતાઓને 'દાદા' (મુખ્યમંત્રી)ની ભેટ સમાન ગણાવ્યું હતું. આ વિધેયક રાજ્યપાલની મંજુરી બાદ કાયદો બનશે.

સમાન નાગરિક ધારો લાવનાર ગુજરાત દેશનું બીજુ રાજ્ય બનશે. આ પૂર્વે ઉતરાખંડે કાયદો ઘડ્યો હતો. ગુજરાત વિધાનસભામાં લાંબી ચર્ચા બાદ તે પસાર કરાયું હતું. વિપક્ષ કોંગ્રેસે ચૂંટણીને કારણે વિધેયક ઉતાવળે લવાયાનો અને અભ્યાસ માટે સમય ન અપાયાના આક્ષેપ સાથે વોકઆઉટ કર્યો હતો.

ગુજરાત સરકાર દ્વારા વિધાનસભામાં 'સમાન નાગરિક સંહિતા' બિલ ૨૦૨૬ રજૂ કરાયું હતું, જે ૭:૩૦ કલાકની ચર્ચા બાદ બહુમતી પસાર થયું હતું. આ સાથે જ UCC બિલ લાવનાર ગુજરાત ઉત્તરાખંડ બાદ બીજું રાજ્ય બની ગયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા 'ગુજરાત બિલ નંબર ૧૭ ઑફ ૨૦૨૬' તરીકે ઓળખાતું આ બિલ રજૂ કરાયું હતું, જેના પર ગૃહમાં વિસ્તૃત ચર્ચા થઈ હતી. કોંગ્રેસે ચૂંટણી આવતા બિલ ઉતાવળેથી લાવવામાં આવ્યું હોવાનો આરોપ કર્યો હતો. મતદાન સમયે કોંગ્રેસે પ્રવર સમિતિને મોકલવાની માગ કરી વોક આઉટ કર્યું હતું. બહુમતીથી પસાર થયા બાદ આ બિલ પર હવે રાજ્યપાલ સહી કરશે જે બાદ તે કાયદાનું રૂપ ધારણ કરશે.

કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાએ બિલ મુદ્દે જણાવ્યું કે ૪૫ દિવસની જગ્યાએ ૧ વર્ષે રિપોર્ટ આવ્યો અને સમિતિમાં લોકોનું પ્રતિનિધિત્ત્વ પણ ન રાખવામાં આવ્યું, અને સરકાર પર એવું તે શું થયુ કે ૧૭મી એ રિપોર્ટ આવ્યો અને ૨૪મી એ સરકારે વિધાનસભામાં બિલ લાવ્યા. તેમણે કહ્યું ચૂંટણીઓ છે એટલે સરકાર બિલ ઉતાવળે લઈને આવી છે.

## બે ગેસ સિલિન્ડર ધરાવનાર ગ્રાહક ૩૫ દિવસ બાદ બુકીંગ કરાવી શકશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રસોઈ ગેસ બુકીંગને લઇને ફરી નવું અપડેટ બહાર આવ્યું છે. કાળા બજારને રોકવા અને વપરાશના ચોક્કસ આકલન માટે રસોઈ ગેસ બુકીંગના નિયમોમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ ઉજ્જવલા લાભાર્થીઓને ૧૬ દિવસમાં 'છોટુ' સિલિન્ડર મળશે જ્યારે બે સિલિન્ડરવાળા ગ્રાહક ૩૫ દિવસ બાદ બુકીંગ કરાવી શકશે.

હવે ૫ કિલોના 'છોટુ' એટલે કે નાના સિલિન્ડર ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ૧૬ દિવસમાં, જ્યારે સામાન્ય ગ્રાહકોને ૯ દિવસમાં મળી શકશે. નવી વ્યવસ્થા અનુસાર પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે ૧૪.૨ કિલો ગ્રામવાળા સિલિન્ડરનું બુકીંગનું અંતર વધારીને ૪૫ દિવસ કરાવી દેવાયું છે, જ્યારે સામાન્ય ઘરેલું ગ્રાહકો માટે આ સીમા ૨૫ દિવસ નિર્ધારિત કરવામાં આવી છે.

૧૦ કિલોનું કમ્પોઝિટ સિલિન્ડર ૧૮ દિવસમાં મળશે. જ્યારે બે સિલિન્ડરવાળા ગ્રાહકોને રિફિલ બુક કરાવવા માટે કમસે કમ ૩૫ દિવસ રાહ જોવી પડશે જ્યારે એક સિલિન્ડરવાળા ગ્રાહકો માટે આ સમય સીમા ૨૫ દિવસ નકીક કરાઇ છે.

આ નવા નિયમો ગ્રામીણ શહેર બધા ક્ષેત્રોમાં લાગુ રહેશે, જ્યારે ૧૦ કિલો કમ્પોઝિટ સિલિન્ડર માટે શહેરી ક્ષેત્રોમાં ૧૮ દિવસ અને ગ્રામીણ ક્ષેત્રમાં ૩૨ દિવસનો અંતરાળ નકકી થયો છે.

## ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસનો પૂરતો જથ્થોઃ અફવાથી દૂર રહેવા સરકારની વિધાનસભામાં ખાતરી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત વિધાનસભામાં આજે ઈંધણ અને રાંધણ ગેસની સ્થિતિ મુદ્દે ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે મહત્વનું નિવેદન આપ્યું છે. રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસની અછતની અફવાઓ વચ્ચે સરકારે સ્પષ્ટ કર્યું છે કે, ગુજરાતમાં ઊર્જાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ ગભરાવાની જરૂર નથી.



વિધાનસભામાં નિયમ-૧૧૬ હેઠળ સંબોધન કરતા મંત્રીએ જણાવ્યું કે, ભારતની કુલ રિગેસિફિકેશન ક્ષમતાના ૬૨% હિસ્સો માત્ર ગુજરાત પાસે છે. રાજ્યમાં ૧,૦૭૩ સ્ટેશનો અને ૩૭ લાખથી વધુ ઘરોમાં કનેક્શન કાર્યરત છે. કેન્દ્ર સરકારના માર્ચ ૨૦૨૬ ના ગેઝેટ મુજબ, સામાન્ય જનતાને મળતા ગેસને પ્રાથમિકતા-૧ માં રાખવામાં આવ્યો છે. જેથી પુરવઠામાં કોઈ વિક્ષેપ નહીં પડે.

રાજ્યમાં અફવાઓને કારણે ઈંધણનું વેચાણ સામાન્ય કરતા ૪ થી ૫ ગણું વધી ગયું છે. આ પરિસ્થિતિને નિયંત્રિત કરવા સરકારે ૨૩ માર્ચ ૨૦૨૬ ના રોજ પરિપત્ર જાહેર કર્યો છે. પેટ્રોલ-ડીઝલનું વેચાણ મુખ્યત્વે વાહનોની ટાંકી પૂરતું જ સીમિત રખાશે. ખેતી અને મોબાઈલ ટાવર માટે નિયત મર્યાદામાં જ બેરલ દ્વારા ઈંધણ લઈ જવાની છૂટ મળશે. કૃત્રિમ અછત ઉભી કરનારા વિક્રેતાઓ સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ હેઠળ કડક કાર્યવાહી કરાશે.

રાંધણ ગેસ સમયસર મળી રહે તે માટે રાજ્યમાં ૧૦૨૯ સઘન મોનિટરિંગ ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ટીમોમાં મહેસૂલ અને પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે. નાગરિકોની સુવિધા માટે હેલ્પલાઇન નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ પણ કાર્યરત છે, જેના દ્વારા અત્યાર સુધીમાં ૭,૮૪૩ ફરિયાદોનું નિરાકરણ લાવવામાં આવ્યું છે.

## મેટાને મોટો આંચકો : અમેરિકાની કોર્ટે ફટકાર્યો ૩૧૦૦ કરોડનો દંડ

### બાળકોની માનસીક સુરક્ષા અને સ્વાસ્થ્ય સાથે જોડાયેલા જોખમી કન્ટેન્ટ છુપાવવા બદલ દોષી ઠેરવી

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

સોશિયલ મીડિયા જાયન્ટ મેટા માટે એક મોટો આંચકો સામે આવ્યો છે. અમેરિકાની એક અદાલતે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટાને બાળકોની માનસિક સુરક્ષા અને સ્વાસ્થ્ય સાથે જોડાયેલા જોખમી કન્ટેન્ટ છુપાવવા બદલ દોષી ઠેરવી છે.

ન્યૂ મેક્સિકોમાં ચાલેલી સાત અઠવાડિયાની લાંબી સુનાવણી બાદ, જ્યુરીએ કંપની પર ૩૭૫ મિલિયન ડોલર (આશરે રૂ. ૩૧૦૦ કરોડ) નો તોતિંગ દંડ ફટકારવાનો નિર્ણય લીધો છે.




અદાલતમાં રજૂ કરવામાં આવેલી દલીલો મુજબ, મેટાને સારી રીતે ખબર હતી કે તેના પ્લેટફોર્મ (ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક) બાળકો માટે માનસિક રીતે જોખમી સાબિત થઈ શકે છે, તેમ છતાં કંપનીએ ક્યારેય આ જોખમો જાહેર કર્યા નથી.

સરકારી વકીલોએ આક્ષેપ કર્યો હતો કે કંપનીએ યુઝર્સની સુરક્ષા કરતા પોતાના આર્થિક નફાને વધુ પ્રાથમિકતા આપી હતી. જ્યુરીએ પણ સ્વીકાર્યું છે કે મેટાએ પ્લેટફોર્મ પર બાળકોના યૌન શોષણ સાથે જોડાયેલા જોખમો અને માનસિક સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરોની જાણકારી જાણી જોઈને છુપાવી હતી.

આ કેસમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે અદાલતે મેટાને માત્ર એક ભૂલ માટે નહીં, પરંતુ ગ્રાહક સુરક્ષા કાયદાના હજારો વખત ઉલ્લંઘન કરવા બદલ જવાબદાર ગણી છે.

નિષ્ણાંતો આ ચુકાદાને સોશિયલ મીડિયા કંપનીઓ માટે એક મોટો સંદેશ માની રહ્યા છે. આ નિર્ણયથી ભવિષ્યમાં ટેક કંપનીઓ પર બાળકોની સુરક્ષાને લઈને વધુ કડક નિયમો લાગુ થઈ શકે છે. જોકે, મેટા તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર વિસ્તૃત પ્રતિક્રિયા આવી નથી, પરંતુ એવી શક્યતા છે કે કંપની આ આકરા ચુકાદાને ઉપલી અદાલતમાં પડકારશે.

## ઈઝરાયેલ જઇ વડાપ્રધાન મોદીએ સંકટ પેદા કર્યુંઃ કેજરીવાલ

### આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ સૌરાષ્ટ્રના પ્રવાસેઃ અમરેલીમાં કિસાન સભા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્વે ગરમ થયેલા રાજકીય વાતાવરણમાં ગઈકાલે સૌરાષ્ટ્રના પ્રવાસે આવેલા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક તથા દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવીંદ કેજરીવાલે રાજકોટ વિમાની મથકે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાત બદલાવ ઈચ્છે છે અને રાજયમાં જે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાઈ રહી છે તેમાં આમ આદમી પાર્ટીનો દેખાવ સારો રહેશે.



બે વર્ષ બાદ રાજયમાં જે વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે તેમાં આમ આદમી પાર્ટીની સરકાર બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. કેજરીવાલે હાલની પરિસ્થિતિ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કરતા કહ્યું કે ખુદ વડાપ્રધાને સંસદમાં કહ્યું છે કે દેશ સંકટમાં છે આપણે જોઈએ છીએ કે પેટ્રોલ પંપ પર લાંબી લાંબી લાઈનો છે પરંતુ હું પુછ્વા માંગુ છું કે વડાપ્રધાને ઈઝરાયેલ જવાની જરૂર શું હતી?

ઈરાન આપણુ સારૂ મીત્ર હતું ત્યાંથી ક્રુડતેલ ગેસ બધુ મળતુ હતું. નેતન્યાહૂને ગલે લગાડીને આપણે ઈરાનને દુશ્મન બનાવી દીધુ અને દેશમાં સંકટ પેદા કર્યુ તે માટે વડાપ્રધાન મોદી જવાબદાર છે.

વડાપ્રધાને ખુદ સંસદમાં જે વકતવ્ય આપ્યુ તેનાથી લોકોમાં એક ગભરાટ સર્જાયો છે તે આપણે જોઈ શકીએ છીએ. તેની સાથે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ રાજકોટ પહોંચ્યા છે આજે બપોર સુધી સૌરાષ્ટ્ર આમ આદમી પાર્ટીના અગ્રણીઓ સાથે તેઓ બેઠક યોજશે અને બપોર બાદ અમરેલીમાં કિશાન સભાને સંબોધશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શ્રેષ્ઠત્તમ સંસ્થાની સ્પર્ધામાં જામનગરની I.T.I રાજ્યમાં તૃતીય ક્રમે વિજેતા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાએ ગુજરાત રાજ્યની કુલ ૫૫૦ આઈ.ટી.આઈ. વચ્ચે યોજાયેલી શ્રેષ્ઠત્તમ સંસ્થાની સ્પર્ધામાં રાજ્યકક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરીને જામનગરનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ કાર્યરત રાજકોટ, અમદાવાદ, સુરત અને વડોદરા એમ ચાર વિભાગોની કુલ ૫૫૦ સંસ્થાઓમાંથી જામનગર આઈ.ટી.આઈ.એ આ સિદ્ધિ હાંસલ કરી છે. આ સ્પર્ધાના પ્રથમ તબક્કે રાજકોટ વિભાગની કુલ ૯૯ આઈ.ટી.આઈ. માંથી જામનગરની સંસ્થા પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ હતી, ત્યારબાદ રાજ્યની પસંદ થયેલી શ્રેષ્ઠ ૧૨ સંસ્થાઓ વચ્ચેની આખરી સ્પર્ધામાં જામનગરે સમગ્ર રાજ્યમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. આ ભવ્ય સફળતા બદલ રાજ્ય સરકાર દ્વારા સંસ્થાને પ્રોત્સાહન રૂપે રૂપિયા પાંચ લાખનું અનુદાન પણ એનાયત કરવામાં આવ્યું છે.શ્રેષ્ઠ આઈ.ટી.આઈ.ની પસંદગી માટે કુલ ૩૦ જેટલા વિવિધ કઠિન માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા હતા, જેમાં સંસ્થાની સફાઈ, તાલીમની ગુણવત્તા, ઓન જોબ ટ્રેનિંગ, એફિલેશન, ડ્યુઅલ સિસ્ટમ ઓફ ટ્રેનિંગ અને તાલીમાર્થીઓના પાસ આઉટ રેશિયો જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ તમામ પાસાઓમાં ૧૫૦ ગુણમાંથી ૧૨૭ ગુણ મેળવીને જામનગર આઈ.ટી.આઈ.એ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. સંસ્થા દ્વારા માત્ર પુસ્તકીય જ્ઞાન જ નહીં પરંતુ તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે થેલેસેમીયા ટેસ્ટ, બ્લડ ડોનેશન કેમ્પ, કેન્સર અવેરનેસ સેમિનાર, વૃક્ષારોપણ અને વિવિધ ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ જેવા રચનાત્મક કાર્યક્રમોનું સતત આયોજન કરવામાં આવ્યું. આ ઉપરાંત પર્યાવરણ જાગૃતિ માટે ગીર, નરારા અને પોલો ફોરેસ્ટમાં શૈક્ષણિક શિબિરો તેમજ ફાયર સેફ્ટી અને સિવિલ ડિફેન્સની તાલીમ પણ આપવામાં આવી હતી.

વર્તમાન સમયની ઔદ્યોગિક જરૂરિયાતોને ધ્યાને રાખીને જામનગરની આ સંસ્થામાં વિવિધ ઉદ્યોગોના સામાજિક દાયિત્વ હેઠળ ઈલેક્ટ્રિક વાહનો, ઔદ્યોગિક ઓટોમેશન, પ્લમ્બિંગ અને ઓટોમોબાઈલ લેબ ડેવલપમેન્ટના આધુનિક પ્રોજેક્ટ્સ પર કાર્ય ચાલી રહ્યું છે. સંસ્થાના આચાર્ય અને તમામ કર્મચારીગણના સહિયારા પુરુષાર્થ તેમજ તાલીમાર્થીઓની મહેનતને રોજગાર અને તાલીમ વિભાગના નિયામક દ્વારા પણ બિરદાવવામાં આવી છે. જામનગર આઈ.ટી.આઈ.ની આ સફળતા જિલ્લાના યુવાનો માટે ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે નવા દ્વાર ખોલનારી સાબિત થશે.

# ઊના ખાતે ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મલ્ટીડાય મેન્શનલ પ્રોવર્ટી ઈન્ડેક્સ અંતર્ગત બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**




ઊના તાલુકામાં મલ્ટી ડાયમેશનલ પ્રોવર્ટી ઈન્ડેક્સ અંતર્ગત વર્ગ-૧ તથા વર્ગ-૨ સહિતના અધિકારીઓ અને કર્મચારીઓની વિવિધ ટીમ દ્વારા કંસારી, સીમાસી, તડ, અંજાર, ઝાંખરવાડા, માઢગામ, ભાચા, લેરકા, સોખડા, ખત્રીવાડા, ખજુદ્રા, સામતેર, એલમપુર સહિત ઊના તાલુકાના તમામ ગામોમાં ઓછામાં ઓછી એક આંગણવાડી તથા ૧૦ વ્યક્તિગત કુટુંબોનો સર્વે કરવામાં આવ્યો હતો.આ સર્વે બાદ કલેક્ટર એન.વી.ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને ઊના પ્રાંત કચેરી ખાતે મલ્ટીડાયમેન્શનલ પ્રોવર્ટી ઈન્ડેક્સ અંતર્ગત એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં કલેક્ટર અધિકારીઓ પાસેથી ઊના તાલુકામાં કરવામાં આવેલ સર્વે કામગીરીની માહિતી, સામાજિક અને આર્થિક કારણો, કુપોષિત બાળકોની વિગતો સહિત આનુષાંગિકમાહિતી મેળવી હતી

કલેક્ટરએ મલ્ટી ડાયમેશનલ પ્રોવર્ટી ઈન્ડેક્સ હેઠળ આવતા લોકોને બહાર લાવવા સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે એ દિશામાં હકારાત્મક કામગીરી કરી અને તમામ વિભાગોએ સહિયારા પ્રયત્નો કરવા સૂચના આપી હતી. કલેક્ટર એ આગામી એક મહિનામાં સુનિયો જીત કાર્યપદ્ધતિથી કુપોષિત બાળકો ઘટાડવા, 'નલ સે જલ', ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા સહિત વિષયો પર કાર્ય કરવા સહિતની સૂચનાઓ આપી હતી. અધિકારી ઓએ કલેક્ટર સમક્ષ ઊના તાલુકા ની મલ્ટીડાયમેન્શનલ પ્રોવર્ટી ઈન્ડેક્સ અંતર્ગત કરવામાં આવેલી કામગીરીની સમગ્રતયા માહિતી પ્રસ્તુત કરી કામગીરીના અનુભવો વ્યક્ત કર્યા હતાં.આ બેઠકમાં ગ્રામ વિકાસ એજન્સી નિયામક યોગેશ જોશી, ઊના પ્રાંત અધિકારી કે.આર.પરમાર, વેરાવળ પ્રાંત અધિકારી વિનોદ જોશી સહિત તેમજ આરોગ્ય, શિક્ષણ, આંગણવાડી સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જામનગરમાં યુવાનો પર ફાયરિંગ કરનાર ૬ આરોપી ઝડપાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક યુવાનો પર ફાયરિંગ અને હુમલાના ચકચારી કેસમાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા છ આરોપીઓને ઝડપી પાડ્યા છે. તેમની પાસેથી દેશી બનાવટના હથિયારો, જીવતા કાર્ટીસ, લોખંડના પાઈપ અને મોટરકાર સહિત કુલ રૂ. ૧૮.૧૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.પ્રાથમિક તપાસ મુજબ, આ હુમલો જૂની અદાવતનો ખાર રાખીને કરવામાં આવ્યો હતો. નવ જેટલા શખ્સોએ આયોજનબદ્ધ રીતે આ ઘટનાને અંજામ આપ્યો હતો. ભોગ બનનાર યુવાનો પોતાની થાર કારમાં જઈ રહ્યા હતા ત્યારે આરોપીઓએ તેમની કારને ઠોકર મારી રોડ પરથી નીચે ઉતારી દીધી હતી.કાર રોડ પરથી ઉતરી ગયા બાદ આરોપીઓએ ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને લોખંડના પાઈપ જેવા હથિયારો વડે યુવાનો પર હુમલો કર્યો હતો. આ ઘટનાથી વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.આ ગંભીર બનાવને પગલે મદદનીશ પોલીસ અધિક્ષક પ્રતિભાના સુપરવિઝન હેઠળ.એલસીબી , એસઓજી.અને સિક્કા પોલીસની ટીમોએ તપાસ શરૂ કરી હતી. જિલ્લાભરમાં નાકાબંધી કરીને ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી છ આરોપીઓને દબોચી લેવામાં આવ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં મોહસીન ઉર્ફે મુસો મહેબુબ રૂમી, હમીદ ઉર્ફે રાંઝો જાનમહમદ બ્લોચ, તબરેઝ રફીક હાલાણી, નુરમામદ ખલીલ સીદીકી, તોહીદખાન ઉર્ફે પપ્પુ ફિરોઝખાન શેખ અને વિજય ઉર્ફે ગોનો ઘેલા સીંગરખીયાનો સમાવેશ થાય છે.પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલા બે દેશી બનાવટના કટ્ટા તમંચા, ત્રણ જીવતા કાર્ટીસ, ચાર લોખંડના પાઈપ, એક લોખંડનો કોઈતો, છરી અને હથોડી જપ્ત કર્યા છે. આ ઉપરાંત, રૂ. ૧૫ લાખની કિંમતની થાર મોટરકાર GJ-10-EC-0786 અને રૂ. ૩ લાખની અન્ય એક મોટરકાર સહિત કુલ રૂ. ૧૮,૧૦,૪૪૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.આ કેસમાં હજુ પણ અલ્તાફ ગફાર ખફી, અનવર ગફાર ખફી, મુખ્યાત ઉર્ફે ટોપી અબ્બાસ કુરેશી સહિત અન્ય છ આરોપીઓ ફરાર છે. તેમને પકડવા માટે પોલીસે વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબી જીલ્લા બ્રહ્મ સમાજ દ્વારા લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતિઓ-વડિલોના કરાશે સન્માન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા અનેરૂ આયોજન કરવામાં આવ્યું છે.જેમાં લગ્નજીવનને ૫૦ વર્ષ પૂર્ણ થયા હોય તેવા દંપતિઓ તેમજ જીલ્લાના વિપ્ર વિધવા કે વિધુર હોય અને પંચોતેર વર્ષના હોય તેવા વડીલોના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ અંગે મોરબી જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ ડો. બી.કે.લહેરૂ દ્વારા જણાવવામાં આવેલ છે કે, મોરબી જીલ્લાના મોરબી શહેર-તાલુકા, હળવદ, વાંકાનેર, ટંકારા અને માળિયા એમ પાંચેય તાલુકામાં વસતા બ્રહ્મ સમાજના બંધુ-ભગીનીઓ કે જે વિધવા હોય કે વિધુર હોય અને તેઓના ૭૫ વર્ષ તા.૧-૪-૨૬ સુધીમાં પૂર્ણ થયા હોય તેમજ જેઓએ લગ્ન જીવનને ૫૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા દંપતિઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવશે.જેમા ભાગ લેવા માટે નીચે આપેલા નંબર ઉપર જાણ કરવા અપીલ કરવામાં આવેલી છે. તો આધાર કાર્ડ સાથે આગામી તા.૧-૪-૨૬ સુધીમાં ઉપરોક્ત સન્માન કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા બ્રહ્મ ભાઈઓ બહેનોએ સંસ્થાના પ્રમુખ ડો.બી.કે. લહેરૂ (મો.૯૯૧૩૨ ૨૨૨૮૩), ડો.રાજુભાઈ ભટ્ટ (મો.૭૬૦૦૦ ૦૬૭૨૦), ભુપતભાઈ પંડ્યા (મો.૯૮૨૫૬ ૭૧૬૯૮), એન.એન.ભટ્ટ (મો.૯૮૨૫૭ ૫૬૦૩૯), અજયભાઈ રાવલ (મો.૯૯૭૮૪ ૮૯૫૨૫), આર.કે.ભટ્ટ (મો.૯૯૦૯૯ ૫૮૧૮૮), લહેરૂભાઈ-વાંકાનેર (મો.૯૪૨૮૨ ૮૧૧૧૭), તેમજ ટંકારા માટે મોબાઈલ નંબર ૯૯૦૯૯ ૧૬૦૩૮ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# ઉનામાં 'રામનવમી' શોભાયાત્રા અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ, ટ્રાફિક ડાયવર્ટ કરી વૈકલ્પીક રૂટ જાહેર કરાયો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના શહેર વિસ્તારમાંથી શોભાયાત્રા નીકળવાની હોય અને ખૂબ જ મોટી સંખ્યામાં જનમેદની એકઠી થવાની શક્યતા જોતાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એન.વી.ઉપાધ્યાય દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

ઉના લામધાર પાટીયા પાસેથી તેમજ ઉના રોકડીયા હનુમાન મંદિર પાસેથી ઉના શહેરમાં વાહનો પ્રવેશ થતા હોય છે. રામનવમી તહેવાર સબબ નિકળનાર શોભાયાત્રા ઉના રામજી મંદિરથી શરૂ થઈ વાસાચોક, સોનીબજાર, ખાઈબજાર, માળીવાડા, મોચીવાડા, ધોબીવાડા, ભોયવાડા, માણેકચોક, વડલા ચોક, ત્રિકોણબાગ, ટાવર ચોક થઈ રામજી મંદિરે પૂર્ણ થશે.

જેના કારણે ઉના શહેરમાંથી પસાર થતા રાજય ધોરી માર્ગ ઉપરથી પસાર થતા યાત્રિકો, વાહન ચાલકો તથા અન્ય રાહદારીઓને ટ્રાફિક અડચણ/અવરોધ ઉભો ન થાય તથા ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ટ્રાફિક ડાયવર્ટ કરી વૈકલ્પીક રૂટ તરીકે ઉના લામધાર ગામના પાટીયાથી ઉના બાયપાસ રોડ થઈ ઉના સજાવટ હોન્ડા શો-રૂમ થઈ વાહન પસાર કરવા અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામાં અનુસાર ઉના લામધાર ગામના પાટિયા પાસેથી તેમજ ઉના રોકડીયા હનુમાન મંદિર પાસેથી ઉના શહેરમાં થઈ રાજય ધોરી માર્ગ પર પસાર થતો વાહન વ્યવહાર ડાયવર્ટ કરી વૈકલ્પીક રૂટ તરીકે ઉના-લામધાર ગામના પાટીયાથી ઉના બાયપાસ રોડ થઈ ઉના સજાવટ હોન્ડા શો-રૂમ થઈ પસાર કરવાનો રહેશે.

આ જાહેરનામું તા.૨૬/૦૩/૨૦૨૬ના કલાક ૧૪ થી કલાક ૨૨ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવ્યાં છે.

# જામનગરમાં અશાંત ધારો લાગુ : પ્રોપર્ટી ટ્રાન્સફર કરવા માટે કલેક્ટરની મંજૂરી ફરજિયાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના ૨૯ જેટલા વિસ્તારોમાં ૫ વર્ષ માટે અશાંતધારો લાગુ કરવામાં આવ્યો.નિયત કરાયેલા વિસ્તારોમાં મિકલતની તબદીલી સમયે શહેર પ્રાંત અધિકારીની મંજૂરી લેવાની રહેશે.જામનગર શહેરના સીટી સર્વે-૧માં સમાવિષ્ટ વિસ્તાર રાજગોર ફળી, ગણેશફળી, દેવબાગ, સમૃદ્ધિ એપાર્ટમેન્ટ, સુતરીયા ફળી, વઝીર ફળી, શત્રુખાના, ડેલી ફળી, વજુ કંદોઈની ડેલી, બારોટ ફળી, ટાંક ફળી, હેવલી શેરી, ધોરમ ફળી, સોની ફળી, મોટુ ફળી, દેહરા ફળી, વંડા ફળી, ખારા કૂવા, સોઢાનો ડેલો, પુનાતર ફળી, ઘોઘીનો ડેલો, વારીયાનો ડેલો, ભોઈવાડો, કુંભારવાડો, ખવાસ વાડો, કોલીવાડ, અણદાબાવાનો ચકલો અને નાગર ચકલો તથા સીટી સર્વે-૨માં સમાવિષ્ટ પંચવટી વિસ્તારમાં ૨૨ માર્ચ ૨૦૩૧ સુધી ૫ વર્ષ માટે અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે.જેથી આ વિસ્તારમાં મિકલતની તબદીલી સમયે ગુજરાત અશાંત વિસ્તાર ખાતેની મિકલતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારોમાંથી ભાડૂતોને ખાલી કરાવવા માંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ની કલમ-૪,૫ તથા ૫-(એ)ની જોગવાઈઓ મુજબ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી જામનગર શહેરની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે. તેમ જામનગર જિલ્લા કલેક્ટરશ્રી કેતન ઠક્કરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગરમાં આગામી તા.૨૯ના યોજાનારી ગુજકેટની પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં કોપિયર મશીન ધારકો માટે પ્રતિબંધાત્મક હુકમ જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં આગામી તા.૨૯ માર્ચ, રવિવારના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજકેટની પરીક્ષા યોજાશે. પરીક્ષા દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. તેમજ પ્રશ્નપત્રો અને તૈયાર ઉત્તરોની કોપી ઝેરોક્ષ/ કોપીયર મશીન દ્વારા મેળવીને અને પરીક્ષાખંડમાં મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીઓને મદદ થતી હોવાથી તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય થતો અટકાવવો જરૂરી જણાતા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જરૂરી પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.જામનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ કલમ - ૧૬૩ મુજબ નિયત કરાયેલા પરીશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટર વિસ્તારની હદમાં આવેલા કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ, અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી, અર્ધ સરકારી કે જાહેર સાહસો સિવાયના) એ તા.૨૯-૦૩-૨૦૨૬ના રોજ સવારના ૯:૩૦ થી ૧૭:૩૦ કલાક સુધી કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. તેમજ પરીક્ષા કેન્દ્રોમાં કોઈપણ વ્યક્તિને મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, સાયન્ટિફિક કેલ્ક્યુલેટર, ઈલેક્ટ્રોનિક વોચ, અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને અનાધિકૃત સાહિત્ય સાથે પ્રવેશ કરવા પર તથા પરીક્ષા કેન્દ્રોની આસપાસ લાઉડ સ્પીકર વગાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.ઉપરોક્ત પ્રતિબંધાત્મક હુકમનો ભંગ કરનારી વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.ગુજકેટની પરીક્ષા માટેના જાહેર કરાયેલા પરીક્ષા કેન્દ્રો જેમાં ડી.એસ.ગોજીયા હાઈસ્કૂલ, એ.બી.વિરાણી કન્યા વિદ્યાલય, જી. એસ. મહેતા કન્યા વિદ્યાલય, ડી. સી. સી. હાઈસ્કૂલ, નેશનલ હાઈસ્કૂલ, ભવન્સ એ. કે. દોશી વિદ્યાલય, એલ. જી. હરિયા હાઈસ્કૂલ યુનિટ-૧, જે.કે.સોની કન્યા વિદ્યાલય, પ્રણામી હાઈસ્કુલ, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, સેન્ટ ફ્રાન્સિસ હાઈસ્કૂલ, સત્યસાંઈ વિદ્યાલય, એલ. જી. હરિયા સ્કુલ યુનિટ-૨ ખાતે પરીક્ષા યોજવામાં આવશે.

# વાંકાનેરમાં ફેક્ટરી કોલોનીના ધાબા પરથી પટકાયેલા શ્રમિકનું સારવારમાં મોત

વાંકાનેર નજીક વઘાસીયા ગામ પાસે આવેલી ફેક્ટરીની લેબર કોલોનીમાં ધાબા પરથી પડી ગયેલા યુવક શ્રમિકનું સારવાર દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મોત નિપજ્યું છે. પોલીસે અ.મોતની નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે. વાંકાનેર તાલુકાના વઘાસીયા ગામ નજીક આવેલી દુરેજા સિરામિક ફેક્ટરીની લેબર કોલોનીમાં રહેતા સંદીપભાઈ ઉંમર વર્ષ અંદાજે ૨૨ વર્ષ, જેઓ ગત તા. ૨૩ માર્ચની રાત્રે ધાબા પરથી કોઈ કારણસર નીચે પટકાયો હતો. ત્યારે ઘટનામાં ગંભીર ઈજાગ્રસ્ત બનેલા શ્રમિકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં, સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી આગળની વધુ તપાસ ચલાવી છે.

# "તેરા તુજકો અર્પણ" હેઠળ મોરબી પોલીસે ૧૦.૪૬ લાખથી વધુનો મુદ્દામાલ મૂળ માલિકને પરત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી સીટી એ-ડિવિઝન પોલીસે "CEIR" પોર્ટલની મદદથી ખોવાયેલા ૩૧ મોબાઈલ સહિત કુલ રૂ.૧૦,૪૬,૬૪૯/-નો મુદ્દામાલ શોધી મૂળ માલિકોને પરત આપ્યો છે. પોલીસે આ કામગીરીથી "પોલીસ પ્રજાની મિત્ર છે" એ સુત્રને સાકાર કર્યું છે. મોરબી જીલ્લા પોલીસ વડા મુકેશકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ અધિક્ષક જે.એમ. આલના માર્ગદર્શન મુજબ મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત નોંધપાત્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. પટેલ અને પો.સબ ઈન્સ્પેક્ટર જે.સી. ગોહિલના સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પૃથ્વીરાજસિંહ જાડેજા અને રવિભાઈ પટેલે સતત મોનીટરીંગ અને ટેકનિકલ વર્કઆઉટ દ્વારા તેમજ "CEIR" પોર્ટલનો ઉપયોગ કરી ટેકનિકલ તપાસ દ્વારા ખોવાયેલા અને ચોરાયેલા મોબાઈલ શોધી કાઢ્યા હતા. જેમાં કુલ ૩૧ મોબાઈલ કિ.રૂ.૬,૫૬,૬૪૯/-, ગીરો મુકાયેલા સોનાના પાટલા કિ.રૂ. ૩ લાખ, ચોરી થયેલ મોટરસાયકલ કિ.રૂ.૫૦ હજાર અને રીક્ષામાં ભૂલાઈ ગયેલા રોકડા રૂ.૪૦ હજાર મળી કુલ રૂ.૧૦,૪૬,૬૪૯/- નો મુદ્દામાલ અરજદારોને પરત આપવામાં આવ્યો હતો. આ સાથે આ કામગીરી દ્વારા મોરબી શહેર સીટી એ ડિવિઝન પોલીસે પ્રજામાં સુરક્ષા અને વિશ્વાસનો સંદેશ આપ્યો છે.

# મોરબીમાં મનપા દ્વારા ૭ દિવસમાં મિલકતવેરા ભરવા તાકીદ કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી મિલકતવેરા ભરવા માટે નાગરિકોને સૂચના આપી છે. માત્ર ૭ દિવસની મુદત બાકી રહી હોવાથી વહેલી તકે ટેક્સ ભરવા અપીલ કરવામાં આવી છે, નહીં તો બાદમાં ૧૮% વ્યાજ વસૂલવામાં આવશે તેમ તમામ મોરબીવાસીઓને તાકીદ કરવામાં આવી છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ મિલકતધારકોને વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી મિલકતવેરા ભરવા અંગે મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. હાલ ટેક્સ ભરવાની અંતિમ તારીખ માટે માત્ર ૭ દિવસ બાકી રહ્યા છે, જેથી નાગરિકોને સમયસર ભરપાઈ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ, જે નાગરિકો આ સમયગાળામાં મિલકતવેરો નહીં ભરે, તેમની પાસેથી બાદમાં ૧૮ ટકા વ્યાજ સાથે વસૂલાત કરવામાં આવશે. નાગરિકો પોતાના ટેક્સની ચુકવણી મહાનગરપાલિકાના કેશ કાઉન્ટર (બારી) પર અથવા ઓનલાઈન પોર્ટલ દ્વારા કરી શકે છે. અંતિમ દિવસોમાં થતી ભીડ અને વધારાની પેનલ્ટી ટાળવા માટે વહેલી તકે ટેક્સ ભરવા અપીલ કરવામાં આવી છે. આ સાથે હાઉસ ટેક્સ શાખાના અધ્યક્ષ દ્વારા નાગરિકોને જવાબદારીપૂર્વક સમયસર ટેક્સ ભરવા વિનંતી કરવામાં આવી છે.

# મોરબીમાં વ્યાજખોરી વિરુદ્ધ પોલીસના જનસંપર્ક કાર્યક્રમને મળ્યો બહોળો પ્રતિસાદ

## જનસંપર્ક કાર્યક્રમ અને લોન મેળામાં પીડિતોની રજૂઆતો, પોલીસ દ્વારા કડક કાર્યવાહીનો વિશ્વાસ






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં વ્યાજખોરી વિરુદ્ધ હાથ ધરાયેલી ખાસ મુહિમ અંતર્ગત સીટી એ ડિવિઝન પોલીસ મથકે યોજાયેલા જનસંપર્ક કાર્યક્રમને સારો પ્રતિસાદ મળ્યો હતો. પીડિતોએ પોતાની ફરિયાદો રજૂ કરી હતી અને પોલીસે તમામ કેસોમાં કાયદેસર કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. સાથે જ તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ હેઠળ ખોવાયેલ અને ચોરાયેલ મુદ્દામાલ પણ માલિકોને પરત આપવામાં આવ્યા હતા.

મોરબી જીલ્લામાં વ્યાજખોરી વિરુદ્ધ પોલીસ તંત્ર દ્વારા શરૂ કરાયેલી ખાસ મુહિમ અંતર્ગત આજે મોરબી શહેરના સીટી એ ડિવિઝન પોલીસ મથકે જનસંપર્ક કાર્યક્રમ તથા લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને વ્યાજખોરોના ત્રાસથી પીડિત લોકોનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો, જેમાં અનેક પીડિતોએ ખુલ્લેઆમ પોતાની ફરિયાદો અને તકલીફો રજૂ કરી હતી. જીલ્લા પોલીસ વડા મુકેશકુમાર પટેલે કાર્યક્રમ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, વ્યાજખોરો સામે જનજાગૃતિ લાવવા અને પીડિતોને ન્યાય અપાવવા આ અભિયાન હાથ ધરાયું છે. કાર્યક્રમ દરમિયાન કુલ સાતથી આઠ જેટલા ભોગ બનનારાઓએ રજૂઆતો કરી હતી, જેને પોલીસે સ્વીકારી કાયદેસર કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

આ કાર્યક્રમ સાથે તેરા તુઝકો અર્પણ પહેલ અંતર્ગત ખોવાયેલા અને ચોરાયેલા ૧૭થી ૧૮ મોબાઈલ તેમજ રોકડ અને સોનાં સહિતનો મુદ્દામાલ તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો, જેને લઈ લાભાર્થીઓએ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જનસંપર્ક કાર્યક્રમમાં રજૂ થયેલા કેસોમાં ત્રણ કેસ એવા સામે આવ્યા હતા જેમાં ઊંચા વ્યાજે લેવામાં આવેલા રૂપિયાની અવેજીમાં જમીનના દસ્તાવેજો અને સોદાખત કરાવી લેવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં વ્યાજ અને મુદ્દલ પરત કરવા છતાં દસ્તાવેજો પરત ન આપવામાં આવતા પીડિતોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજા એક ગંભીર કેસમાં જમીનની સંપૂર્ણ રકમ ચુકવ્યા છતાં વકીલ અને દલાલો દ્વારા મળીને ૭૫ લાખથી વધુની છેતરપિંડી કરાયાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે એફઆઈઆર નોંધાઈ હોવા છતાં આરોપીઓ સામે કોઈ કાર્યવાહી ન થતી હોવાની પણ પીડિતોએ ફરિયાદ કરી હતી.

આ તમામ રજૂઆતોને ધ્યાનમાં રાખીને મોરબી જીલ્લા પોલીસે તમામ કેસોમાં કાયદેસરની અને ધોરણસર કાર્યવાહી કરવાની બાંહેધરી આપી હતી. પોલીસ દ્વારા આપવામાં આવેલી આ ખાતરી બાદ પીડિત પરિવારોમાં વિશ્વાસ જાગ્યો હતો અને તેમણે પોલીસ તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# મોરબી રેલ્વે સ્ટેશન નજીક એક્ટીવામાંથી વિદેશી દારૂ સાથે એક ઝડપાયો, બેના નામ ખુલ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રેલ્વે સ્ટેશન રોડ પરથી પોલીસ દ્વારા વાહન ચેકિંગ દરમિયાન એક ઈસમને એક્ટીવામાંથી વિદેશી દારૂની બોટલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન અન્ય બે શખ્સોના નામ સામે આવ્યા છે, ત્યારે સીટી એ ડિવિઝન પોલીસે એક્ટીવા તથા દારૂની બોટલ સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણેય આરોપી તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી સીટી એ-ડિવિઝન પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન રેલ્વે સ્ટેશન રોડ પર મેલડી માતાજીના મંદિર પાસે વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન એક એક્ટીવા રજી.નં.જીજે-૩૬-એન-૦૮૦૪ને રોકી તપાસ કરતાં તેની ડેકીમાં વિદેશી દારૂ રોયલ ચેલેન્જ વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૬૮૬/-મળી આવી હતી. જેથી તુરંત એક્ટીવા ચાલક આરોપી સંજયભાઈ ચંદુલાલ લાંઘણોજા ઉવ.૨૭ રહે. રણછોડનગર મોરબી વાળાની અટકાયત કરવામાં આવી હતી. પકડાયેલ આરોપીની પૂછપરછ દરમિયાન આ દારૂ પોતાના ભાઈ દેવાંગભાઈ લાંઘણોજા અને રાજેશભાઈ ઉર્ફે લાલાના કહેવાથી અન્ય અજાણ્યા શખ્સ પાસેથી લાવ્યો હોવાની કબુલાત આપી હતી. હાલ આ બનાવ અંગે પોલીસે એક્ટીવા તથા દારૂ સહિત રૂ.૩૦,૬૮૬/-નો મુદ્દામાલ કબ્જે લઈને આગળની તપાસ ચલાવી છે.

# મોઢ વણિક યુવા ગ્રુપ રાજકોટ દ્વારા જ્ઞાતિના વડીલા માટે મોઢેરા તીર્થયાત્રાનુ નિઃશુલ્ક આયોજન કરાયું

## કુળદેવી માતંગી માતાજીના દર્શન, ઢોલનગારા, રાસ ગરબાની રમઝટ સાથે ધ્વજાજીનુ પૂજન કરી ધ્વજારોહણ કરાયુ : કુળદેવી માતંગી માતાજીના દર્શન પ્રસાદથી ભાવવિભોર થયા વડીલો; કેતન મેસ્વાણી, કેતન પારેખ સહિતની ટીમની સર્વત્ર સરાહના



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી મોઢ વણિક યુવા ગ્રુપ રાજકોટ દ્વારા તાજેતર માં ચૈત્રી નવરાત્રી ના પાવન અવસરે જ્ઞાતિ ના વરિષ્ઠ વડીલો માટે કુળદેવી માતંગી મોઢેશ્વરી ના દર્શન માટે એકદિવસીય મોઢેરા પ્રવાસ નુ નિઃશુલ્ક આયોજન કરવામાં આવેલ હતું, જેમાં ૬૦ જેટલા વડીલો ને અહીં થી બસ મારફત મોઢેરા લઈ જવામાં આવ્યા.

મોઢેરા ખાતે કુળદેવી ના દર્શન સાથે, રાજકોટ ના જ્ઞાતિ અગ્રણી અને મોઢેરા દેવસ્થાન ટ્રસ્ટ માં સમગ્ર સૌરાષ્ટ્ર માંથી એકમાત્ર ટ્રસ્ટી તરીકે પ્રતિનિધિત્વ કરી સેવા આપતા શ્રી બિમલભાઈ કલ્યાણી ના સુંદર સહયોગ થી સર્વે જ્ઞાતિજનોને ધ્વજારોહણ નો લાભ મળેલ હતો, આ પ્રસંગે પ્રથમ ધ્વજાજી નુ પૂજન અર્ચન કરી, ઢોલ નગારા ના સથવારે રાસ ગરબા ની રમઝટ સાથે ઊપસ્થિત સૌ જ્ઞાતિજનો ફુલેકા સ્વરૂપે નિજ મંદિર માં પ્રવેશ અને પ્રદક્ષિણા કરી ધ્વજાજી ની પૂજા કરાવી.. ભોગ કરવામાં આવેલ, આ તકે મોઢેરા દેવસ્થાન ના ટ્રસ્ટી બિમલભાઈ કલ્યાણી, મોઢ વણિક મહાજન રાજકોટ ના પ્રમુખ ભાગ્યેશભાઈ વોરા, અશ્વિનભાઈ વડોદરિયા, કિર્તીભાઇ મહેતા સહિતના આગેવાનો સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે વડીલો ને પવિત્ર તીર્થયાત્રા કરાવવા બદલ મોઢેરા માતંગી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મોઢ વણિક યુવા ગ્રુપ ના ચેરમેન કેતન મેસવાની, મંત્રી કેતન પારેખ, કારોબારી સભ્ય જીગ્નેશ મેસવાની નુ અભિવાદન કરવામાં આવેલ હતુ સાથોસાથ સવિશેષ ઉપસ્થિત મોઢ વણિક મહાજન રાજકોટ ના પ્રમુખ ભાગ્યેશભાઈ વોરા નુ પણ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અભિવાદન કરવામાં આવેલ હતું.

મોઢ વણિક યુવા ગ્રુપ રાજકોટ દ્વારા આયોજીત મોઢેરા તીર્થયાત્રા ના આયોજન માં મોઢેરા ખાતેની પ્રસાદ સહિત ની તમામ વ્યવસ્થા ના મનોરથી બિમલભાઈ કલ્યાણી તેમજ તીર્થયાત્રા ના અન્ય મનોરથી સર્વ અતુલભાઈ પારેખ,રમેશભાઈ બી.જીવાણી, સમીરભાઈ વોરા, જીતેન્દ્રભાઈ એમ.અંબાણી,ઈશ્વરભાઈ એ.મહેતા, અરવિંદભાઈ શાહ, સાવનભાઈ ભાડલીયા, પરેશભાઈ વી.મહેતા, રોહિતભાઈ સી.શાહ, અતુલભાઈ મહેતા, મૌલિકભાઈ ગાંધી, સંજયભાઈ શાહ, જસ્મિનભાઈ ગાંધી સહીનાઓ નો સહયોગ સાંપડ્યો હતો, મોઢેરા ખાતે ની તમામ વ્યવસ્થા માં કિર્તીભાઈ મહેતા નો સુંદર સહયોગ સાંપડ્યો હતો. તમામ તીર્થયાત્રીઓ ને મોઢેરા થી સાંજે મુળી સ્વામિનારાયણ મંદિર ખાતે દર્શન કરી ત્યાજ કિરેનભાઈ છાપિયા ના સહયોગ થી પ્રસાદ ની સુંદર વ્યવસ્થા થયેલ બાદ માં રાત્રિના સૌ રાજકોટ પરત ફરેલ હતા.

ઉપરોક્ત સમગ્ર આયોજન ને સફળ બનાવવા મોઢ વણિક યુવા ગ્રુપ ના ચેરમેન કેતન મેસ્વાણી, મંત્રી કેતન પારેખ,કારોબારી સભ્ય સર્વે જીગ્નેશ મેસ્વાણી, કમલેશ પારેખ, જીગ્નેશ દોશી, નીતા પારેખ, છાયા વજરીયા સહિતની ટીમ એ જહેમત ઉઠાવેલ હતી.તેમ ગ્રુપ ના મંત્રી કેતન પારેખ ની યાદી માં જણાવાયું છે.

# પ્રાકૃતિક આહાર અને મિલેટ પ્રોડક્ટ્સની ખરીદી માટે ઉત્સાહી રાજકોટવાસીઓ

## બે દિવસીય મિલેટ મહોત્સવની ૪૪ હજાર લોકોએ મુલાકાત લીધી, રૂ. ૧૩.૨૭ લાખનું વેચાણ થયું : મિલેટ્સ અને પ્રાકૃતિક ખેતી સ્થૂળતા નિવારણ અને રોગમુક્તિ માટે અમોઘ શસ્ત્ર

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખન : માર્ગી મહેતા**

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજકોટમાં આયોજિત પ્રાકૃતિક ફાર્મર માર્કેટ તથા મિલેટ મહોત્સવ ખેડૂતો અને જનતા વચ્ચે સીધા સંપર્કનું સશક્ત માધ્યમ બન્યો હતો. સરકારે રાજકોટ જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી આવેલા ખેડૂતો અને વેપારીઓને ૫૫ જેટલા સ્ટોલ નિઃશુલ્ક ફાળવીને, ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ આયોજન થકી સ્થાનિક ખેડૂતોને તેમની મહેનતનું સીધું વળતર અને મિલેટ્સ (શ્રીઅન્ન) તેમજ પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોને વેચાણ માટે સીધું બજાર મળ્યું હતું.

રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી તૃપ્તિબેન પટેલે જણાવ્યું હતુ કે, મિલેટ મહોત્સવને રાજકોટવાસીઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. બે દિવસીય મેળામાં અંદાજે ૪૪ હજાર લોકોએ આ મેળાની મુલાકાત લીધી હતી. તેમજ રૂ. ૧૩.૨૭ લાખનું વેચાણ એ બાબતની સાક્ષી પૂરે છે કે લોકો હવે પ્રાકૃતિક આહાર અને મિલેટ પ્રોડક્ટ્સ લેવા માટે ઉત્સાહી છે. સરકારનો આ પ્રયાસ ખેડૂતોને આર્થિક રીતે સદ્ધર બનાવવામાં મદદરૂપ બન્યો છે અને જનતાને સ્થૂળતા સહિત શારીરિક બીમારીઓમાંથી મુક્તિ મેળવવા મિલેટ ઉપયોગી હોવાની જાગૃતિ ફેલાવવામાં સફળ રહ્યો છે.

મહત્વનું છે કે, બેઠાડુ જીવનશૈલીમાં વધતી જતી સ્વાસ્થ્ય સમસ્યાઓ અને મેદસ્વિતા જેવી ગંભીર બીમારીઓ સામે મિલેટ્સ એટલે કે જાડા ધાન્ય અમોઘ શસ્ત્ર સમાન છે. બાજરી, જુવાર, રાગી અને કોદરી જેવા ધાન્યો ફાઈબરથી ભરપૂર હોવાથી વજન ઘટાડવામાં અસરકારક સાબિત થાય છે. મિલેટ મહોત્સવનો હેતુ લોકોને ફરીથી આપણા પરંપરાગત આહાર તરફ વાળવાનો અને મેદસ્વિતામુક્ત સમાજનું નિર્માણ કરવાનો રહ્યો છે. મિલેટ્સનું સેવન કરવાથી શરીરમાં મેટાબોલિઝમ સુધરે છે અને બિનજરૂરી ચરબી જમા થતી નથી, જે આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

આ ઉપરાંત, રાસાયણિક ખાતર અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગથી થતા નુકસાન સામે પ્રાકૃતિક ખેતી ઉત્તમ વિકલ્પ તરીકે ઊભરી આવી છે. જ્યારે ગ્રાહકો સીધા ખેડૂત પાસેથી શુદ્ધ અને કેમિકલ વગરની પેદાશો ખરીદે છે, ત્યારે તેમના સ્વાસ્થ્યની સુખાકારી આપોઆપ વધે છે. પ્રાકૃતિક ઉત્પાદનોના સેવનથી શરીરમાં ઝેરી તત્વો પ્રવેશતા નથી, જેના કારણે જીવનશૈલી સંબંધિત રોગો પર નિયંત્રણ આવે છે અને લોકો તંદુરસ્ત તથા રોગમુક્ત જીવન તરફ ડગ માંડે છે. આમ, મિલેટ મેળાથી 'સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત'નું સપનું સાકાર થઈ રહ્યું છે.

# જામનગર મહાનગરપાલિકાની પ્રાથમિક મતદાર યાદી જાહેરઃ કુલ ૪,૪૨,૮૪૧ મતદારો નોંધાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીઓ આવતા નજીકના સમયમાં યોજાનાર છે, ત્યારે ચૂંટણીલક્ષી કામગીરી શરૂ થઈ ચૂકી છે. મહાનગરપાલિકાની પ્રાથમિક મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. શહેરના તમામ ૧૬ વોર્ડમાં કુલ ૪,૪૨,૮૪૧ મતદારો નોંધાયેલ છે. એસ.આઈ.આર.ની કામગીરીના અને અન્ય કોઈ કારણોસર મહાનગર પાલિકાની ગત્? સામાન્ય ચૂંટણીની સરખામણીએ ૪૬ હજાર મતદારો વધ્યા છે.

જામનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીઓ આગામી ટૂંક સમયમાં યોજાનાર છે. આ માટે ૪,૪૨,૮૪૧ મતદારો નોંધાયા છે. આ મતદારો માટે ૪૧૨ બુથમાં મતદાનની વ્યવસ્થા કરવામાં આવશે.વર્ષ ૨૦૨૧ ની જામનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીની સરખામણીએ ૪૬,૧૫૫ મતદારો ઘટ્યા છે. આ માટે એસ.આઈ.આર.ની તેમજ અન્ય કોઈ કારણ ગણી શકાય. કુલ ૧૬ વોર્ડની ૬૪ બેઠક માટે ૫૦ ટકા મુજબ ૩૨ બેઠકો મહિલા માટે અનામત છે, જેમાં આઠ ઓબીસી, મહિલા, બે અનુ.સૂચિત જાતિ મહિલા બેઠક અનામત છે. પુરુષમાં ૨૦ સામાન્ય, ૯ ઓબીસી અનુ.જાતિની બે, અને એક અનુ.આદિજાતિ બેઠકનો સમાવેશ થાય છે.ગત્ વર્ષ ૨૦૨૧ ની સામાન્ય ચૂંટણીમાં ૬૪ માંથી ભાજપને ૫૦, કોંગ્રેસને ૧૧ અને બસપાને ૩ બેઠક મળી હતી. હવે આગામી ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને 'આપ' પણ ચૂંટણીમાં ઝુંકાવશે. ઉપરાંત સપા, બસપા, અપક્ષ સહિતના ઉમેદવારો મેદાનમાં ઉતરશે, જ્યારે આ ચૂંટણીમાં કોનો વિજય થાય છે એ તો આવનાર સમયમાં જ ખબર પડશે.

# રાજકોટમાં કેન્સર જાગૃતિ માટે ૨૮ માર્ચે નાઈટ વોકનું ભવ્ય આયોજન

## ૪૦૦થી વધુ કેન્સર વોરિયર્સ જોડાશે : દીકરીઓમાં HPV વેક્સિનેશન વધારવા વિશેષ આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેન્સર જેવી ગંભીર બીમારી સામે જાગૃતિ લાવવા અને ખાસ કરીને દીકરીઓમાં HPV વેક્સિનેશનનું મહત્વ સમજાવવાના ઉમદા હેતુ સાથે કેન્સર કેર ફાઉન્ડેશન-રાજકોટ દ્વારા આગામી ૨૮ માર્ચ, શનિવારના રોજ રાત્રિના ૯ કલાકથી રેસકોર્સ રિંગ રોડ ખાતે કેન્સર અવેરનેસ નાઈટ વોકનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના ફાઉન્ડર અશ્વિનભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ ૧૦ કિ.મી.ની પદયાત્રા કાર્યક્રમને વિવિધ એન.જી.ઓ., તબીબો અને કેન્સર વોરિયર્સનો સહયોગ પ્રાપ્ત થયો છે. ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીકરીઓ માટેના HPV વેક્સિનેશન અભિયાનથી પ્રેરાઈને આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. કેન્સર કેર ફાઉન્ડેશન દ્વારા નાગરિકોને આ જાગૃતિ અભિયાનમાં જોડાવા અને કેન્સર મુક્ત સમાજની દિશામાં સહભાગી થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# પીપળી સ્ટેશન પર ૩૧ મે સુધી ઓખા-ભાવનગર એક્સપ્રેસ ઊભી નહીં રહે

## ફૂટ ઓવર બ્રિજ અને નવા પ્લેટફોર્મના નિર્માણ કાર્યને ધ્યાનમાં રાખીને લેવાયો નિર્ણય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝન હેઠળના પીપળી રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ વધારવાના ઉદ્દેશ્ય સાથે ફૂટ ઓવર બ્રિજ અને નવા પ્લેટફોર્મનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. આ કામગીરીને ધ્યાનમાં રાખીને ઓખા-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ હંગામી ધોરણે રદ કરવામાં આવ્યું છે.

ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસનું પીપળી સ્ટેશન પરનું સ્ટોપેજ, જે અગાઉ ૨૫ માર્ચ, ૨૦૨૬ સુધી રદ કરવામાં આવ્યું હતું, તે હવે લંબાવીને ૩૧ મે, ૨૦૨૬ સુધી કરવામાં આવ્યું છે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ આ ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત લેટેસ્ટ માહિતી માટે કૃપા કરીને ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો, જેથી કોઈપણ પ્રકારની અસુવિધા ટાળી શકાય.

# મોરબીમાં બુટ ચપ્પલ લારીધારક વૃદ્ધ વ્યાજખોરીના વિષચક્રમાં ફસાયા, ચાર વ્યાજખોરો સામે ગુનો નોંધાયો

## ચામડાતોડ વ્યાજ, પઠાણી ઉઘરાણી અને જાનથી મારી નાખવાની ધમકીઓ, બળજબરીથી ચેક પણ પડાવ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ૬૮ વર્ષીય બુટ ચપ્પલ લારીધારક વ્યાજખોરીના ગંભીર માયાજાળમાં ફસાયા હોવાનો મામલો સામે આવ્યો છે. જેમાં વૃદ્ધે ચાર શખ્સો સામે ઊંચા વ્યાજે રૂપિયા આપી બળજબરીથી લાખો રૂપિયાનું વ્યાજ વસૂલવા, ધમકી આપવા અને સહી કરેલા ચેક પડાવ્યા હોવા અંગે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારેય આરોપીઓ સામે આઈપીસી કલમ તથા નાણા ધીરધાર બાબતેના અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો અનુસાર, મોરબીના ખત્રીવાડ શેરી નં.૫ માં રહેતા દિલીપભાઈ બચુભાઈ ચૌહાણ ઉવ.૬૮ કે જેઓ નગર દરવાજા ચોક ખાતે લારીમાં બુટ ચપ્પલ વેંચતા હોય ત્યારે તેઓએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી (૧)સંજયભાઈ કાનજીભાઈ ચુડાસમા રહે.વાવડી રોડ રામપાર્ક મોરબી, (૨)ઈકબાલ ગનીભાઈ પીંજારા રહે. મકરાણીવાસ મોરબી, (૩)સબીર કાસમભાઈ પીંજારા રહે. વીસીપરા તથા (૪)હેમંતભાઈ આહીર રહે. મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, આરોપી સંજયભાઈ ચુડાસમાએ શરૂઆતમાં રૂ.૩૦,૦૦૦/- ઉંચા વ્યાજે આપીને ત્રણ મહિનામાં રૂ.૩૬,૦૦૦/- વસૂલ્યા હતા. ત્યારબાદ ફરી રૂ.૫૦,૦૦૦/-આપી માસિક રૂ.૧૫,૦૦૦/- પ્રમાણે ૨૯ મહિના સુધી કુલ રૂ.૪.૩૫ લાખ વ્યાજ વસૂલ્યું હતું. વ્યાજ ન ભરતા ફરિયાદી અને તેના દીકરાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીથી બેંકના ચેક સહી કરાવી લેવામાં આવ્યા હતા.

આ સિવાય આરોપી ઈકબાલ પીંજારાએ રૂ.૧ લાખના બદલામાં માત્ર રૂ.૭૫,૦૦૦/- આપી રોજના રૂ.૧૫૦૦/- પ્રમાણે વ્યાજ નક્કી કરી ત્રણ મહિનામાં રૂ.૧.૩૫ લાખ વસૂલ્યા હતા. બાદમાં તેના સાળા આરોપી સબીર પીંજારા પાસેથી રૂ.૨ લાખ અપાવી રોજના રૂ.૨૦૦૦/- પ્રમાણે વ્યાજ વસૂલતા છ મહિનામાં રૂ.૩.૬૦ લાખ સુધીની રકમ ઉઘરાવવામાં આવી હતી. તેમ છતાં આરોપીઓ દ્વારા વધુ રકમની પઠાણી ઉઘરાણી કરવામાં આવી હતી અને ફરિયાદી તથા તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવી હતી. અન્ય આરોપી હેમંત આહીરે રૂ.૨૦,૦૦૦/- ઉંચા વ્યાજે આપીને પરત ચુકવણી બાદ પણ ફરી રૂપિયા માંગતા અને લારીમાંથી માલ ઉપાડી જવાની ધમકી આપી હતી. આ સમગ્ર મામલે સીટી એ ડિવિઝન પોલીસે આરોપીઓ વિરુદ્ધ આઈપીસી કલમ ૩૮૬, ૫૦૪, ૫૦૬(૨) તથા નાણા ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# હળવદમાં પારકી પરિણીતા સાથે મિત્રતાનો ખાર રાખી યુવકને પતિ સહિત ચાર શખ્સોએ લમધાર્યો

## ફળીયામાં ઘૂસી ધોકા અને પાઈપથી માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના ભવાનીનગર ઢોરો વિસ્તારમાં પારકી પરિણીતા સાથે મિત્રતા રાખવાનું યુવકને ભારે પડ્યું હતું. જેમાં પત્ની સાથેની મિત્રતાનો ખાર રાખીને પતિ સહિતના આરોપીઓએ ઘરમાં ઘૂસી યુવકને માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ ભોગ બનનાર યુવકની ફરિયાદને આધારે હળવદ પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, હળવદના ભવાનીનગર ઢોરો વિસ્તારમાં રહેતા સુનીલભાઈ ઉર્ફે ભોલો ઝીંઝુવાડીયા ઉવ.૨૨ ઉપર હુમલાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદ મુજબ, આરોપી મહેશ ઉર્ફે મયલો કાળુભાઈની પત્ની સાથેની મિત્રતાને લઈને રીસ રાખી આરોપીઓ દશરથભાઈ નંદેસરીયા, વિશુ કાળુભાઈ, કાનજીભાઈ કાળુભાઈ અને મહેશ ઉર્ફે મયલો કાળુભાઈએ એક સંપ કરી ફરિયાદી સુનિલભાઈ ઉર્ફે ભોલા સાથે બોલાચાલી કરી હતી.

આ દરમિયાન ચારેય આરોપીઓએ ફરિયાદીના ફળીયામાં ધોકો અને પાઈપ સાથે ઘુસી આવી યુવકને ધોકા અને પાઈપથી તેમજ ઢીંકાપાટુથી પીઠ તથા માથાના ભાગે માર માર્યો હતો, હુમલા દરમિયાન આસપાસના લોકો દોડી આવતા સુનિલભાઈ ઉર્ફે ભોલાને બચાવવામાં આવ્યો હતો. હુમલાખોરોએ યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા. જે બાદ ઈજાગ્રસ્ત યુવકને પહેલા હળવદ સરકારી દવાખાને અને બાદમાં વધુ સારવાર માટે મોરબી ખસેડવામાં આવ્યો હતો. હાલ બનાવ અંગે હળવદ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમો તેમજ જી.પી.એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે.

# હળવદમાં ભવાનીનગર ઢોરા વિસ્તારમાં યુવકનો આતંક, ઘરમાં ધારીયા સાથે ઘુસી પરિવારને ધમકી આપી

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના ભવાનીનગર ઢોરા વિસ્તારમાં એક યુવક દ્વારા ધારીયા સાથે આતંક મચાવ્યાનો બનાવ સામે આવ્યો છે. આરોપીએ ફળીયામાં ઘૂસી પરિવારના સભ્યોની ગેરહાજરીમાં ધમકી આપ્યા બાદ, પરિવારના સભ્યો ભેગા થઈ સમજાવવા ગયા ત્યારે આરોપીએ હુમલો કરી એકને ઈજા પહોંચાડી હતી. હાલ પોલીસે આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હળવદના ભવાનીનગર ઢોરા વિસ્તારમાં રહેતા તુલશીબેન ઉર્ફે મનીષાબેન નંદેસરીયાએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી સુનીલ ઉર્ફે ભોલો ઝીંઝુવાડીયા રહે. ભવાનીનગર ઢોરો હળવદ વાળો ગત તા.૨૩/૦૩ના રોજ ધારીયું લઈને તેમના ઘરના ફળીયામાં ઘૂસી આવ્યો હતો અને તેમના પતિ તથા અન્ય સગાઓ અંગે પૂછપરછ કરી ઝગડો કરવાની વાત કરી ચાલ્યો ગયો હતો. આ અંગે પરિવારજનોને જાણ કર્યા બાદ તુલશીબેન, તેમના પતિ અને અન્ય સગાઓ આરોપીના ઘરે સમજાવવા ગયા હતા. તે સમયે આરોપીએ પોતાના હાથમાં રહેલા ધારીયાના હાથાથી તુલશીબેનના પતિ કિશનભાઈના ડાબા હાથના કાંડાના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત આરોપીએ ગાળો આપી કહ્યું કે, 'ફરી આવી રીતે સમજાવવા આવશો' તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઘટનાને પગલે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમો તથા જી.પી.એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# મોરબીમાં શહીદ દિવસ નિમિતે સેવા એ જ સંપત્તિ દ્વારા શહીદ જવાનના પરિવારને રૂ.૧ લાખનો ચેક અર્પણ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં શહીદ દિવસ નિમિતે સેવા એ જ સંપત્તિ ફાઉન્ડેશન દ્વારા મોરબીના શહીદ જવાન ગણેશ પરમારના પરિવારને રૂ.૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ભાજપ કાર્યાલય કમલમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અન્ય દેશભક્તિના લાઈવ કાર્યક્રમો પણ યોજાયા હતા.

મોરબી શહેરમાં શહીદ દિવસ નિમિતે એક ભાવસભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી જીલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે યોજાયેલા આ કાર્યક્રમ દરમિયાન શહીદ જવાન ગણેશ પરમારના પરિવારને આર્થિક સહાયરૂપે રૂ.૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ સહાય અજય લોરીયા સંચાલિત 'સેવા એ જ સંપત્તિ ફાઉન્ડેશન' દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમમાં જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટીયા, પૂર્વ જીલ્લા પ્રમુખ રાઘવજીભાઈ ગડારા તથા મહામંત્રી ચતુરભાઈ મકવાણાની હાજરીમાં આ ચેક પરિવારને સોંપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન કમલમ ખાતે દેશભક્તિનો લાઈવ કાર્યક્રમ પણ યોજાયો હતો, જેમાં દેશપ્રેમના ભાવથી ઓતપ્રોત વાતાવરણ સર્જાયું હતું. હાજર આગેવાનો અને કાર્યકરોએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી તેમના બલિદાનને નમન કર્યું હતું.

# ૬૦ વર્ષથી વધુ ઉંમરના સીટીજનોનું વૃધ્ધાવસ્થાને કારણે અવસાન થાય તો પૂર્વ કોર્પોરેટર પાસેથી મૃત્યુનું પ્રમાણપત્ર મળશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગત. તા ૧૧/૦૩/૨૦૨૬ ના રાજકોટ મહાનગરપાલિકામાં શાશકોની મુદ્દત પુર્ણ થતા હાલ રાજકોટ શહેરમાં વહિવટદારશ્રીની નિમણુંક થયેલ છે. રાજકોટ શહેરમાં ૬૦ વર્ષથી ઉપરની વૃધ્ધ વ્યક્તિના વૃધ્ધાવસ્થા ના કારણે અવસાન થાય ત્યારે વિસ્તારના કોર્પોરેટરના પ્રમાણપત્ર રજુ રાખી નજીકના ફાયરસ્ટેશનમાં મરણ અંગેની નોંધ કરાવવામાં આવે છે.

હાલ શહેરમાં કોર્પોરેટરની મુદ્દત પુર્ણ થયેલ હોય નવા કોર્પોરેટરઓની નિમણુંક ન થાય ત્યાં સુધી શહેરમાં ૬૦ વર્ષથી વધુ ઉમરના વૃધ્ધોના અવસાન વૃધ્ધા વસ્થાના કારણે થાય ત્યારે સવારના ૯ કલાકથી સાંજના ૬ કલાક દરમ્યાન નજીકના આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરનો સંપર્ક કરવાનો રહેશે જે મૃતકના સગાને મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર આપશે અને આ સમય સિવાય નજીકમાં મેડીકલ પ્રેકટીશ કરતા રજીસ્ટર મેડીકલ પ્રેક્ટીશનર (રજીસ્ટર ડોક્ટર)નો સંપર્ક કરી તેઓની પાસેથી મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર મેળવવાનું રહેશે તેમજ આકસ્મિક સંજોગો તેમજ મોડી રાત્રીના જે બનાવો બને છે તે માટે મરણના પ્રમાણપત્ર માટે ગત તારીખ ૧૧/૦૩/૨૦૨૬ના જે કોઇ કોર્પોરેટરની મુદ્દત પુર્ણ થયેલ હોય તે પુર્વ કોર્પોરેટરઓના મરણ અંગેના પ્રમાણપત્રો નજીકના ફાયરસ્ટેશનમાં જોડી અને અંતિમવિધી અંગેની મંજુરી મેળવવાની રહેશે.

# એક યુદ્ધ અને હજારો તૂટતા ઘર



**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખન : નીલમ. પી. મોહિનાની**

આજે પેટ્રોલ પંપ પર ઉભેલો દરેક માણસ ફક્ત પોતાની વારેની રાહ નથી જોતો,
તે શાંતિથી વધતી કિંમતોનો ભાર પણ અનુભવે છે।
રસોડામાં રાખેલો ગેસ સિલિન્ડર જાણે દરરોજ થોડો ઓછો થાય છે
અને સાથે સાથે એક સામાન્ય માણસની આશાઓ પણ ધીમી પડી રહી છે।
અમે વિચારીએ છીએ કે યુદ્ધ ક્યાંક દૂર ચાલી રહ્યું છે
પણ હકીકત એ છે કે તેનો અસર હવે આપણા ઘરનાં બજેટથી લઈને દિલની શાંતિ સુધી પહોંચી ગયો છે।
ક્યાંક એક સૈનિક સરહદ પર ઊભો છે, ઠંડી, ભૂખ અને જોખમ સામે લડી રહ્યો છે
અને એ જ સમયે તેના ઘરમાં તેનું બાળક પૂછે છે
''મમ્મી, પપ્પા ક્યારે આવશે?''
તે માતા પાસે કોઈ જવાબ નથી
માત્ર આંખોમાં આંસુ અને દિલમાં ડર છે।
અને જ્યારે કોઈ દુઃખદ સમાચાર આવે છે
તે ફક્ત ''શહીદ'' શબ્દ નથી હોતો
તે એક પત્નીના સિંદૂરનું મિટાઈ જવું હોય છે,
એક બાળકના બાળપણનું અધૂરું રહી જવું હોય છે,
અને એક વૃદ્ધ માતા-પિતાના સહારાનો તૂટવો હોય છે।
બીજી તરફ, આપણે સૌ પોતાની નાની-નાની મુશ્કેલીઓમાં વ્યસ્ત છીએ
મોંઘું પેટ્રોલ, વધતી મોંઘવારી, ઓછી થતી આવક
પણ શું આપણે ક્યારેય વિચાર્યું છે કે આ બધું કેમ થઈ રહ્યું છે?
યુદ્ધ ફક્ત સરહદ પર જ નથી લડાતું,
તે આપણા રસોડામાં, આપણા ખિસ્સામાં અને આપણા સંબંધોમાં પણ ઘૂસી જાય છે।
સૌથી દુઃખદ વાત એ છે કે
યુદ્ધના નિર્ણય લેનારા લોકો ઘણીવાર સુરક્ષિત હોય છે
અને તેની કિંમત ચૂકવનારા સામાન્ય લોકો હોય છે
આપણે અને તમે।
આથી, જ્યારે આગળ કોઈ યુદ્ધની ખબર વાંચો,
તો ફક્ત વાંચીને આગળ ન વધો
થોડું રોકાઈને વિચારજો
શું ખરેખર કોઈ પણ જીતની કિંમત એટલી મોટી હોવી જોઈએ?
કારણ કે દરેક યુદ્ધ પછી
જે બાકી રહે છે
તે જીત નથી,
પણ ખામોશી, આંસુઓ અને અધૂરી કહાનીઓ છે।

# મોરબી જલારામ ધામ ખાતે રામનવમીના પાવન પર્વ નિમિતે ત્રિવિધ કાર્યક્રમો યોજાશે

## પ્રભુ શ્રીરામના જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે

મોરબી સનાતન હિન્દુ ધર્મના આરાધ્ય દેવ પ્રભુ શ્રીરામના જન્મોત્સવ (રામ નવમી) નિમિતે વિવિધ પ્રકારની માનવસેવા પ્રદાન કરતા મોરબીના શ્રી જલારામ સેવા મંડળ દ્વારા શહેરના જલારામ ધામ ખાતે ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત બપોરે ૧૧:૩૦ કલાકે પ્રભુ શ્રીરામનું પૂજન, બપોરે ૧૨ કલાકે મહાઆરતી ત્યાર બાદ બપોરે ૧૨:૩૦ કલાકે ફરાળ મહાપ્રસાદનું અનેરુ આયોજન કરવામાં આવેલ છે. તો શહેરની ધર્મપ્રેમી જનતાને પ્રભુ શ્રીરામના જન્મોત્સવના વધામણા કરવા, મહાઆરતીનો લાભ લેવા તેમજ મહાપ્રસાદ ગ્રહણ કરવા પધારવા શ્રી જલારામ સેવા મંડળ-મોરબી દ્વારા ભાવભર્યુ નિમંત્રણ છે.

# લોધીકા તાલુકામાં આંગણવાડી કેન્દ્રોનાં વર્કરો ત્રણ દિવસની હડતાલમાં જોડાયા

રાજકોટ : લોધીકા તાલુકાનાં ૫૫ આંગણવાડી કેન્દ્રોમાં ત્રણ દિવસની હડતાલમાં જોડાઇ સીડીપીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગત તા. ૧૮ થી ૨૦ માર્ચ સુધી રજા ઉપર ઉતરી વર્ષો જુની માંગણીઓ, પગાર, પોષણ આહાર, નવા મોબાઇલ સહિતની માંગણી બાબતે રજા ઉપર રહી વ્યાજબી અને ન્યાયી માંગણી સંતોષવા માંગણી ઉઠાવી હતી. લોધીકા તાલુકાની ૫૫ આંગણવાડી કેન્દ્રો ત્રણ દિવસ બંધ રાખી સીડીપીઓને આવેદનપત્ર આપી માંગણી સંતોષવા ઉગ્ર દેખાવો અને સુત્રોચ્ચાર કર્યા હતા.

# હળવદમાં દંપતિને ઘરમાંથી બહાર ઢસડી હુમલોઃ પતિની હત્યા

■ એક હુમલાખોર પણ ઘાયલઃ બાઈક સળગાવાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

હળવદ પોલીસે હળવદમાં બસ સ્ટેશન પાછળ કૃષિ વિદ્યાલયવાળી શેરીમાં રહેતાં રતનબેન કાળુભાઇ પરમાર (ઉ.વ.૫૦)ની ફરિયાદ પરથી તેના જ ગામના નટુભાઇ નાનજીભાઇ પરમાર, આશિષ નટુભાઇ, રવિ નટુભાઇ, દિપક નટુભાઇ, હંસાબેન નટુભાઇ અને લત્તાબેન શૈલેષભાઇ પરમાર વિરૂધ્ધ હત્યાનો કોશિષનો ગુનો મોડી રાતે નોંધ્યો હતો. દરમિયાન રાજકોટમાં સારવાર વખતે રતનબેનના પતિ કાળુભાઇ મોહનભાઇ પરમાર (ઉ.વ.૫૫)નું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાયો છે.

રતનબેને ફરિયાદમાં જણાવ્યું છે કે મંગળવારે સાંજે સાડા ચારે વાગ્યાના અરસામાં મારા પતિ કાળુભાઈની તબિયત ખરાબ હોય હું તથા મારી દીકરી સરોજ અને મારા દીકરા જયેશની પત્નિ મનીષાબેન અમારા ઘરે હાજર હતા. તેવામાં અમારી પાછળની શેરીમાં રહેતાં નટુભાઈ નાનજીભાઈ પરમાર તથા તેનો દીકરો આશિષ અમારા ઘરની અંદર આવેલ અને નટુભાઈના હાથમાં કુહાડી અ ને તેના દીકરા આશિષના હાથમાં લાકડાનો ધોકો હતો અને અમને કહેવા લાગેલ કે તમે ગઈ સાત તારીખે મારા ભત્રીજા વિશાલ સાથે કેમ ઝઘડો કરેલ? તમારા કારણે મારા દીકરા આશિષની નોકરી ગયેલ છે તેમ કહી અમને ગાળો દેવા લાગેલ અને ગાળો દેવાની ના કહેતા તે બંને એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને નટુભાઈએ તેના હાથમાં રહેલ કુહાડીનો એક ઘા મારા પતિના માથામાં મારી દીધેલ અને આશિષે તેના હાથમાં રહેલા લાકડાના ધોકાથી મારા પતિને માથાના ભાગે મારેલ જેથી મા રા પતિને બચાવવા હું વચ્ચે પડતા આશિષે લાકડાના ધોકા થી મારા જમણા પગે બે ત્રણ ઘા મારી દીધા હતાં.

બાદ આ બંને મને તથા મારા પતિને ઢસડીને બહાર શેરીમાં લઈ ગયેલ અને બહાર શેરીમાં નટુભાઈના દીકરા રવિ તથા દીપક તથા તેની પત્નિ હંસાબેન તથા તેના ભાભી લતાબેન હાજર હતા. જેમાં રવિના હાથમાં લોખંડનો પાઇપ હતો અને દિપક તથા હંસાબેન અને લતાબેન ખાલી હાથે ઊભા હતા. આ દરમિયાન રવિએ મારા પતિને શરીરે લોખંડનો પાઈપ મારેલ અને હંસાબેન તથા લતાબેને મને પકડી રાખેલ અને દીપક એ મને પગેથી શરીરે લાતો મારવા લાગેલ અને બાદ મારી દીકરી સરોજ તથા અમારી પુત્રવધુ મનીષા તથા પાડોશમાંથી ભેગા થયેલ માણસોએ આ લોકોના વધુ મારથી છોડાવ્યા હતાં.

ત્યારબાદ આ લોકો ભાગી ગયેલ હતા અને ભાગતા ભાગતા કહેતા ગયેલ કે આજ તો તમે બચી ગયા છો પણ હવે પછી અમારી સાથે માથાકૂટ કરી છે તો જાનથી મારી નાખીશું તેમ ધમકી આપી ભાગી ગયેલ હતા અને બાદ અમારા પાડો શી ઈશાભાઈ કરસનભાઈ પરમારે ૧૦૮ માં ફોન કરતા ૧૦૮ આવતા મને તથા મારા પતિને તેમાં બેસાડી હળવદ સરકારી હોસ્પિટલ લઈ ગયેલ અને ત્યાંથી વધુ સારવાર માટે મોરબી સરકારી હોસ્પિટલ લઈ ગયેલ અને ત્યાંથી વધુ સારવાર અ ર્થે અહીં રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવારમાં દાખલ કર્યા હતાં. મને જમણા પગમાં ફેક્ચર થયાનું ડોક્ટરે કહ્યું હતું. મારા પતિ બેભાન છે. નટુભાઈ, તેની પત્નિ હંસાબેન તથા તેના દીકરા આશિષ, રવિ અને દીપક તથા નટુભાઈના ભાભી લતાબેને મને તથા મારા પતિને જાનથી મારી નાખવાના ઈરાદે કુહાડી, લાકડાનો ધોકો તથા લોખંડના પાઇપથી માર મારી હત્યાનો પ્રયાસ કર્યો છે.

તેમ વધુમાં રતનબેને કહેતાં પીએસઆઇ એસ. એચ. ભટ્ટે ગુનો દાખલ કર્યો હતો. જો કે સવારે કાળુભાઇનું મોત થતાં બનાવ હત્યામાં પલ્ટાતાં હત્યાની કલમનો ઉમેરો કરાયો હતો. હત્યાનો ભોગ બનેલા કાળુભાઇ ત્રણ બહેન અને છ ભાઇમાં નાના હતા અને સેન્ટીંગ કામ કરતાં હતાં. તેને સંતાનમાં પાંચ દિકરી અને બે દિકરા છે. રતનબેને રાજકોટ ખાતે એવુ પણ કહ્યું હતું કે અગાઉ અમારી ભાણેજની કાળુભાઇના ભાઇ શૈલેષના દિકરા વિશાલે છેડતી કરી હોઇ ત્યારે અમે તેને ઠપકો આપતાં માથાકુટ થઇ હતી. તે વખતે નટુભાઇએ ધમકી આપેલી કે અમારે સિમંત પ્રસંગ પતી જાય પછી તમારો વારો કાઢશું. આ ધમકી મુજબ જ પ્રસંગ પુરો થતાં જ નટુભાઇ સહિતનાએ આવી જીવલેણ હુમલો કર્યો હતો.

સામા પક્ષે હળવદમાં જ મલવાસ સામે જાગનાથ સોસાયટીમાં રહેતાં નટવરભાઇ નાનજીભાઇ પરમાર (ઉ.વ.૪૭)ની ફરિયાદ પરથી જયેશ કાળુભાઇ પરમાર, કાળુભાઇ મોહનભાઇ પરમાર, રતનબેન મોહનભાઇ પરમાર વિરૂધ્ધ પણ ગુનો નોંધાયો છે. નટવરભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું છુટક મજુરી કરુ છું. ૨૪મીએ બોપરે સાડા ત્રણેક વાગ્યે બાઇક હંકારી જતો હતો ત્યારે કૃષી શાળા રોડ પર જયેશ કાળુભાઇ, તેના પિતા કાળુભાઇ મોહનભાઇએ ઘરમાંથી શેરીમાં છુટા પથ્થરના ઘા કરીમ ને જોઇને કહેલું કે-તું એ જ છો ને અમારી સામે ફરિયાદ કરનાર? તેમ કહી મને પથ્થરથી ઇજા કરી હતી. જયેશે ધોકાથી માર માર્યો હતો. જેથી મને માથામાંથી લોહી નીકળ્યું હતું. બાદ જયેશે ઘરમાંથી કોઇ કેમીકલ લાવી મારુ બાઇક જીજે૧પીજે-૮૪૮૮ સળગાવી નાંખ્યું હતું.

ત્યાં મારો દિકરો આશિષ આવી જતાં આ લોકો ભાગી ગયા હતાં. આશિષ મને દવાખાખે લઇ ગયો હતો. હળવદથી વધુ સારવાર માટે સુરેન્દ્રનગર મને લઇ આવ્યા હતાં. જુનુ મનદુઃખ રાખી મારા પર હુમલો કરી મારું બાઇક આ લોકોએ સળગાવી નાંખ્યું હતું. પીએસઆઇ આર. બી. ટાપરીયાએ આ ગુનો નોંધ્યો હતો.

# ગોંડલના ગુંદાળા ગામે બે યુવાન પર જીવલેણ હુમલો કરી કાનાણી બંધુનો આતંક

શેરીમાં ઝઘડતા શ્વાનને અલગ પાડવા મામલે માથાકૂટ થઈ, તું અમારા કુતરાને કેમ મારતો હતો ? કહી મોડી રાતે હુમલો કર્યો, વચ્ચે પડેલ યુવકના ભાઇને પણ છરી ઝીંકી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના ગુંદાળા ગામે યુવાન પર ગામમાં જ રહેતા કાનાણી બંધુઓએ છરી વડે ખૂની હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો હતો. યુવાનને બચાવવા વચ્ચે પડેલા તેના પીતરાઇ ભાઇને પણ છરી ઝીંકી દીધી હતી. હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

શેરીમાં બે શ્વાન ઝઘડતા યુવાને તેને છૂટા પડાવતા આરોપીએ તે મારા પાલતુ શ્વાનને કેમ માર્યું તેમ કહી ધમકી આપ્યા બાદ રાત્રીના યુવાનના ઘરે જઈ ખુની હુમલો કર્યો હતો. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ સામે હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે ગોંડલના ગુંદાળા ગામે પાટીદડ રોડ પર સંજીવની આવાસમાં રહેતા અને મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવનાર રવિ કિશોરભાઈ ઉદેશ (ઉ.વ.૨૪) નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સંજીવની આવાસમાં જ રહેતા રાહુલ નરેશ કાનાણી, રોહિત નરેશ કાનાણી અને રાજ નરેશ કાનાણીનું નામ આપતાં ગોંડલ તાલુકા પોલીસે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રીના નવેક વાગ્યે આસપાસ તે ઘરે હતો ત્યારે આરોપી ત્રણેય ભાઈઓ ઘરે છરી સાથે ધસી આવ્યા હતા. તેણે દરવાજાને પાટા મારતા યુવાન ઘર બહાર ગયો હતો. દરમિયાન રાહુલે યુવાનને છરી મારવા જતા તેણે હાથ આડો રાખતા હાથમાં ઈજા પહોંચી હતી. બાદમાં રોહિતે છરીથી હુમલો કરતા યુવાનને બીજા હાથમાં ઈજા પહોંચી હતી.

દરમિયાન રાજ કાનાણીએ યુવાનને પડખાના ભાગે મારી નાખવાના ઈરાદે છરીના ઘા ઝીંકી દીધા હતા. જેથી દેકારો થતાં અહીં લોકો એકત્ર થઈ ગયા હતા. આ સમયે યુવાનનો મામાનો પુત્ર કાનો જીવણભાઇ પરમાર આવી જતા અને તે યુવાનને બચાવવા જતા તેને પણ છરીનો ઘા ઝીંકી ઈજા પહોંચાડી હતી. બાદમાં આ ત્રણેય શખસો અહીંથી નાસી ગયા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

યુવાને ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, આજથી ત્રણેક દિવસ પૂર્વે તેના ઘર પાસે શ્વાન ઝઘડતા હોય જેથી તેણે અલગ પાડ્યા હતા. જેમાં એક પાલતું શ્વાન રોહિતનું હોય જેથી રોહિતને આ વાત પસંદ ન પડી ન હતી. યુવાન ગામ પાસે હોટેલ હતો.

ત્યારે આવી કહ્યું હતું કે, તું અમારા કૂતરાને કેમ મારતો હતો. હું તને જોઈ લઈશ તેમ કહી ધમકી આપ્યા બાદ રાત્રીના રોહિત તથા તેના બંને ભાઈઓએ અહીં આવી યુવાન પર છરી વડે ખૂની હુમલો કર્યો હતો. યુવકને બચાવવા તેનો પિતરાઈ ભાઈ કાનો જીવણભાઈ પરમાર વચ્ચે પડતા તેને પણ છરી મારી દીધી હતી. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ગુજસીટોકના ગુનાના વોન્ટેડ આરોપીને રૂરલ પોલીસે વેશપલ્ટો કરી ઝડપી લીધો

ચોરી-લૂંટ સહિત અનેક ગુનાનો બોડીયા ગેંગનો મુખ્ય સુત્રધાર પાલીતાણાથી પકડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રભરમાં ચોરી, લૂંટ સહિતના ગુનાને અંજામ આપનાર ગુજસીટોકનો મુખ્ય સૂત્રધાર બોડીયાને રૂરલ એલસીબીની ટીમે પાલીતાણા પંથકના અંતરિયાળ વિસ્તારમાં ખેતમજુરોનો સ્વાંગ રચી ટ્રકટર અને ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી દબોચી લઈ કાર્યવાહી કરી હતી.



રાજકોટ રેન્જ આઈજી નિર્લિમ રાય અને એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા વિસ્તારમાં ગુનાખોરીને નેસ્ત નાબુદ કરવા અને અવાર નવાર ગુના કરતા હોય તેવા શખ્સો વિરુધ્ધ સખ્તાઈથી કડક હાથે કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી વિંછીયા પોલીસ મથકમાં પૂર્વ આયોજીત કાવતરૂ કરી કુખ્યાત તસ્કરની આગેવાની હેઠળ સંગઠિત ગુના આચરતી ટોળકી બનાવી છેલ્લા દસ વર્ષમાં સૌરાષ્ટ્ર વિસ્તારના રાજકોટ ગ્રામ્ય, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, જામનગર, ગીર સોમનાથ, દેવભુમિ દ્વારકા, અમદાવાદ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં ચોરી, શરીર સબંધી ગંભીર પ્રકારના ગુના આચરતી ટોળકીના ૧૯ શખ્સો સામે એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરા તથા સ્ટાફના માણસો દ્વારા આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ છેલ્લા દસ વર્ષમાં નોંધાયેલ ગુનાની માહિતી મેળવી તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી જરૂરી દસ્તાવેજો એકત્રીત કરી ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. જેમાં અગાઉ કુલ-૧૧ આરોપીઓને અટક કરવામાં આવેલ હતા. આ ગુનાનો મુખ્ય આરોપી (ગેંગ લીડર) રણજીત ઉર્ફે બોડીયો ઉર્ફે રણીયો રામજી પરમાર(રહે.પાલીતાણા, ભાવનગર) ભાગતો ફરતો હોય જે આરોપીને પકડી પાડવા એલસીબીની ટીમે ખેત મજુરોનો સ્વાંગ રચી ટ્રકટર અને ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી મુખ્ય આરોપી (ગેંગ લીડર) રણજીત ઉર્ફે બોડીયો ઉર્ફે રણીયોને અંતરીયાળ, ડુંગરાળ સીમ વિસ્તારમાંથી પકડી પાડી તેને આ ગુનામાં ધોરણસર અટક કરી મુદ્દત હરોળ નામદાર કોર્ટમાં રજુ કરી આરોપીના પોલીસ કસ્ટડીના રીમાંડની માગણી કરતા કોર્ટ દ્વારા આરોપીના ૭ દિવસના રીમાંડ મંજૂર કરવામાં આવેલ છે. વધુમાં પોલીંસ સૂત્રોમાંથી મળેલ વિગત મુજબ આ ગેંગનો મુખ્ય સૂત્રધાર રણજીત ઉર્ફે બોડિયો વિરુદ્ધ કુલ ૪૫ ગુના નોંધાયેલ છે જેમાં લૂંટ, દુષ્કર્મ, ચોરી સહિતના અનેક ગંભીર પ્રકારના ગુના નોંધાયેલ છે. તેમજ ૧૯ શખ્સોની ગેંગે ૯૨ થી વધુ ગુનાને અંજામ આપેલ હોવાનું સામે આવ્યું હતું.

# નવાગામમાં ભાઈ યુવતીને ભગાડી લાવતા નાનાભાઈનું કારમાં અપહરણ કરી લમધાર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગામમાં ઘરમાં ઘુસી પાંચ શખ્સોએ યુવકનું કારમાં અપહરણ કરી બેફામ ફટકારી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી. બનાવ અંગે સરધાર પાસે નવાગામમાં રહેતાં શ્યામભાઈ મુકેશભાઈ છૈયા (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈશ્વર, મૌલિક, વિવેક અને બે અજાણ્યા શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ડ્રાઈવિંગ કામ કરે છે. તેમના પરીવારમાં પિતા મુકેશભાઈ (ઉ.વ.૪૮), માતા શોભનાબેન દાદી દેવકુબેન, મોટો ભાઈ રામભાઈ છે. ગઈ તા. ૨૨ ના સવારના આઠેક વાગ્યે મોટાભાઈ રામભાઈ ગાડીનો ફેરો લઈ ઘરેથી નીકળેલ અને પરત ઘરે આવેલ ન હતી કે, મોટાભાઈ રામભાઈ કચ્છમાં રહેતા ઈશ્વરભાઈની દીકરી ડિમ્પલબેન સાથે પ્રેમ-સંબંધ હોય અને તેઓ બંને ઘરેથી ક્યાંક નીકળી ગયેલ હતા. જેથી તેમને બે દિવસથી શોધતા હતા. રાત્રીના આશરે સાડા-આઠેક વાગ્યાની આસપાસ યુવાન પરીવાર સાથે ઘરે હતો અને પિતા કામથી બહાર ગયેલ હતા. તેવામાં એક સફેદ કલરની સ્વીફ્ટ કાર ઘરની સામે આવી ઉભી રહેલ અને તેમાંથી પાંચેક શખ્સો ઉતરેલ અને ઘરના દરવાજો ખખડાવા લાગેલ જેથી તેને જોયુ તો તેમાં ઈશ્વરભાઈ, મૌલીક, વિવેક તથા તેમની સાથે બે અજાણ્યા શખ્સો ઉભેલ હતા. જેથી તેને કહેલ કે, તમારે કોનુ કામ છે, તો આ અજાણ્યા શખ્સે બાજુમાં બોલાવેલ અને ગાળો આપી કહેવા લાગેલ કે, તારો ભાઈ કયાં છે બોલ તેમ કહી ઝપા-ઝપી કરી બે-ત્રણ ફડાકા મારી દીધેલ હતાં. તે દરમિયાન દેકારો થતા માતા તથા દાદી ઘરમાંથી બહાર આવતા આ પાંચેય યુવાનને પકડીને બળજબરી પૂર્વક તેમની સ્વીફ્ટ કારમાં બેસાડી લઈ ગયેલ હતાં.

પ્રયત્ન કરેલ હતો. કારમાં આ પાંચેય શખ્સો જેમ-ફાવે તેમ મને ગાળો બોલતા હતા અને તેને અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. ત્યાંથી રાજપરા ગામ થઈ નારણકા ગામથી લોઠડા ગામ થઈ ખોખડદડ ગામે શુભચોકડીએ લઈ જઈ આ પાંચેય શખ્સો કહેવા લાગેલ કે, તારા ભાઈના મિત્ર રાહુલના ઘરે લઈ જા. જેથી તેઓને રાહુલના ઘરે લઈ જતા તેનુ ઘર બંધ હતુ, ત્યાંથી કારમાં બેસાડી પરત સરધાર ગામથી નવાગામ જતા રસ્તે ઈશ્વરભાઈ કહેવા લાગેલ કે, તારા ફોનમાંથી તારા પિતાને ફોન કર જેથી ફોન કરતા તેઓ પિતા સાથે ફોનમાં વાત કરી ત્યાં ઉતારી દીધેલ ત્યાં ત્યાં કારના નંબર જોતા જીજે-૧૨-ડીએમ-૧૭૨૦ હતા. તેમની કાર લઈ તેઓ જતા રહેલ પિતાને ફરિથી ફોન કરતા ત્યાં તાત્કાલીક તેઓ આવી ગયેલ અને પોલીસને જાણ કરી ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા નાગરિકોને બચાવવા લોક દરબાર






તસવીર : ગૌરવ લશ્કરી

રૈયા રોડ પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખીચો ખીચ ભરાયોઃ અરજદારો માત્ર ૧૫ જેટલા સામે આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વ્યાજખોરીનું દૂષણ વર્ષોથી જરૂરિયાતમંદ નાગરિકોને ઊંચા વ્યાજે નાણા ધીરધાર કર્યા બાદ વ્યાજે રૂપિયા લેનાર વ્યક્તિને વ્યાજના - અજગરીભરડામાં ફસાવી ઊંચું વ્યાજ વસૂલી આપઘાત કરવો પડે તેવી પરિસ્થિતિમાં મૂકી દેતા હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે ત્યારે અગાઉ સમયાંતરે વ્યાજખોરિ સામે ઝુંબેશ હાથ ધરી લોક દરબાર યોજવામાં આવ્યા હોય તેવો જ વધુ એક લોક દરબાર રૈયારોડ પ્રમુખ ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો જેમાં બહોળી સંખ્યામાં લોકો આવ્યા હતા જેમાં ૧૫ જેટલા અરજદારો એ પોતાની રજૂઆત પોલીસ સમક્ષ મૂકી હતી.

રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ રૈયારોડ પર આવેલા પ્રમુખસામી ઓડિટોરિયમ ખાતે રાજકોટમાં વ્યાજખોરિના અજગરી ભરડામાં ફસાયેલા નાગરિકોને મુક્ત કરાવવા લોક દરબાર (જનસંપર્ક સભા)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક દરબારમાં પોલીસ કમિશનર બ્રિજેશકુમારઝા, તેમજ ઇન્ચાર્જ અધિક પોલીસ કમિશનર જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન વન હેતલ પટેલ, ડીસીપી ઝોન ટુ રાકેશ દેસાઈ, તેમજ જુદા જુદા ઝોનના એસીપી તેમજ અલગ અલગ પોલીસ મથકના પીઆઇ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ લોક દરબારમાં ઓડિટોરિયમ માં ૭૦૦ જેટલા લોકો ઉમટી પડયા હતા પરંતુ રજૂઆત કરવા વાળા માત્ર ૧૫ જેટલા જ અરજદારો સામે આવ્યા હતા અને પોતાની રજૂઆત અધિકારીઓ સમક્ષ કરતાં જે તે પોલીસ મથક ના પીઆઇ ને આ અંગે કાર્યવાહી કરવા આદેશ કરવામાં આવ્યા હતા. આ લોક દરબારનો અભિગમ ફક્ત ગુનેગારોને પકડવાનો જ નહિ પરંતુ જરૂરિયાતમંદ નાગરિકોને ઉંચા વ્યાજે નાણાં ધીરધાર કરતા વ્યાજખોરો પાસે જતા અટકાવવાનો હતો.

### લોક દરબાર સાથે લોન મેળાનું પોલીસ-બેંક દ્વારા આયોજન

રાજકોટમાં પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે લોક દરબારની સાથે જરૂરિયાત મંદ વ્યક્તિઓ માટે લોન મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.જે વ્યક્તિઓ આર્થિક સંકળામણમાં હોય તેમજ બેરોજગાર યુવાનો ધંધો-રોજગાર શરૂ કરવા માંગે છે તેમના માટે રાષ્ટ્રીયકૃત અને સરકારી બેંકોના અધિકારીઓ હાજર રહી સરળતાથી, વ્યાજબી દરે લોન મળી રહે તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# રાજકોટથી મધ્યપ્રદેશ બાચ રોડ જતા યુવકનું બુલેટ સ્લીપ થતા અકસ્માતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મધ્યપ્રદેશનો યુવાન બુલેટ બાઈક લેવા રાજકોટ પંથકમાં આવ્યો હતો. અહીંથી બુલેટ ખરીદી ચલાવીને પરત મધ્યપ્રદેશ જવા માટે નીકળ્યો હતો પરંતુ રસ્તામાં કોઈ કારણે બુલેટ બાઈક સ્લીપ થઈ જતા ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત ૨૨ વર્ષીય આયુષ ચૌહાણને રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નીપજ્યું હતું. આયુષ ઉર્ફે વિક્રમ વસ્તાભાઈ ચૌહાણ (ઉંમર વર્ષ ૨૨) આજે સવારે ૫ વાગ્યાં આસપાસ બુલેટ બાઈક લઈને જતો હતો ત્યારે ચોટીલાના નાની મોલડી ગામ પાસે અકસ્માત થતાં માથે શરીરે ઈજા થતા ચોટીલા સરકારી હોસ્પિટલમાં બેભાન હાલતમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયો હતો. અહીં ટૂંકી સારવારમાં જ તેનું મૃત્યુ નીપજ્યું હતું.



તેમની સાથે તેમનો પિતરાઈ સૂરજ પણ હતો. તેણે જણાવ્યા મુજબ, વિક્રમને બુલેટ બાઈક લેવું હતું. તેમના વતનના કોઈ વ્યક્તિ રાજકોટના જસદણ - વિંછીયા પંથકની વાડીમાં રહેતા હોય, તેમણે વિક્રમને જાણ કરી હતી કે અહીં એક બુલેટ વેચાવ છે. જેથી વિક્રમ અને તેના કાકાનો દીકરો સૂરજ મધ્યપ્રદેશથી નીકળ્યા હતા અને અહીં આવ્યા હતા. તેઓએ બુલેટનો સોદો કર્યો હતો. જે બુલેટ લઈને પરત એમપી જવા આજે વહેલી સવારે નીકળ્યા હતા. વિક્રમ બુલેટ ચલાવતો હતો. સૂરજ પાછળ બેઠો હતો. હજુ થોડા જ આગળ ગયા હશે ત્યાં ચોટીલાના નાની મોલડી ગામથી આગળ ચોટીલા તરફ જતા બુલેટ સ્લીપ થઈ ગયું હતું. જેમાં વિક્રમને ગંભીર ઈજા થઈ હતી. રાજકોટ સિવિલમાં લાવતા તેમનું વહેલી સવારે જ મોત નીપજ્યું હતું. સૂરજે કહ્યુંકે બાઈક આડું કૂતરુંકે પછી કોઈ પ્રાણી ઉતરતા બુલેટ સ્લીપ થયું હતું વિક્રમ ખેત મજૂરી કરતો. ૪ ભાઈ ભાઈ અને અને ૩ બહેનમાં મોટો હતો. તેને ૨ વર્ષનો એક દીકરો છે.

# શાપરમાં વેરાવળમાં ઉઘરાણી કરી વ્યાજખોરની શ્રમિકને ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લાના શાપર વેરાવળ પાસે રહેતા અને જીઆઈડીસીમાં મજુરી કામ કરતા મુળ જુનાગઢના યુવકે છ માસ પુર્વે ધંધો કરવા માટે રૂ.૧૫ હજાર વ્યાજે લીધા હતા જેનુ બે માસ ત્રણ હજાર વ્યાજ ચુકવી દિધા બાદ મજુરી કામ નહી મળતા પૈસા નહી આપી શકતા વ્યાજખોરે પઠાણી ઉઘરાણી કરી વ્યાજ સાથે તારે પૈસા તો આપવા જ પડશે કહી ધમકી આપ્યાની ફરીયાદ કરતા પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ શાપર વેરાવળમાં ભાડાની ઓરડીમાં રહેતા પાર્થ મુકેશભાઈ પરમાર નામના યુવકને ધંધા કરવા માટે રૂ.૧૫ હજારની જરૂર હોય ઘર નજીક હોટલે બેસવા આવતો અને વેરાવળ રહેતો યોગેશ રામભાઈ ઓઢવીયાને વાત કરી હતી જેમા તેને ૧૦ ટકા વ્યાજે રૂ.૧૫ હજાર આપ્યા હતા. બે માસ વ્યાજ ચુકવ્યા બાદ મજુરી કામ મળતુ ન હોય પૈસા નહી ચુકવી શકતા યોગેશએ ધસી આવી ધમકી આપતા યુવક શાપર છોડી જુનાગઢ તેના ઘેર ચાલ્યો ગયો હતો. બાદમાં પરત આવતા યોગેશએ વ્યાજ સહિત નાણાની માંગ સાથે ધમકી આપી હોવાની ફરીયાદ કરતા જમાદાર જોષી સહીતની ટીમે ગુનો નોધી આરોપીને સકંજામાં લઈ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# ઈંધણના અછતની અફવા ફેલાવનાર પેટ્રોલ-ડીઝલ ડીલર એસો.ના પ્રમુખ સામે ફરિયાદ

IOCLના અધિકારીની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે કરેલી કાર્યવાહી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના રેસકોર્સ રીંગ રોડ પર આવેલી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની ઓફિસમાં ધૂસી જઈ અને બાદ સોશ્યલ મીડીયા તેમજ ન્યૂઝ ચેનલો દ્વારા પેટ્રોલ-ડીઝલની અછત હોવાની ખોટી અફવા ફેલાવવા બદલ રાજકોટ જીલ્લા પેટ્રોલ-ડીઝલ ડીલર એસોસિએશનના પ્રમુખ ગોપાલ ચુડાસમા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ અફવાને કારણે સમગ્ર શહેરમાં ગભરાટ ફેલાયો હતો અને પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો લાગતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાઈ હતી

IOCLના ડિવિઝનલ રિટેલ સેલ્સ હેડ અમીત શીવપ્રસાદ જયસ્વાલે પ્ર.નગર પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૨૩ના રોજ ગોપાલ ચુડાસમા આશરે ૪૦ થી ૫૦ ડીલરો અને મીડીયાકર્મીઓ સાથે કોઈ પણ પૂર્વ મંજૂરી વગર IOCL ભવનમાં ધસી આવ્યા હતા.તેમણે કંપની પાસે પૂરતો જથ્થો નથી તેવા પ્રશ્નો કર્યા હતા.જોકે, કંપનીના અધિકારીઓએ તેમને લેખિતમાં ખાતરી આપી હતી કે રાજયમાં ઈંધણનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને પૂરવઠો નિયમિત છે. આમ છતાં ઓફિસની બહાર નીકળીને ગોપાલ ચુડાસમાએ મીડીયા અને સોશ્યલ મીડીયાના માધ્યમથી એવા ખોટા નિવેદનો આપ્યા હતા કે પેટ્રોલ પંપો ડ્રાય થઈ ગયા છે. અને કંપની પાસે જથ્થો ખૂટી પડયો છે.આ

ભ્રામક પ્રચારને કારણે સામાન્ય જનતામાં ફાળ પડી હતી. અને લોકો પેટ્રોલ ભરાવવા માટે ઉમટી પડયા હતા. જેનાથી અરાજકતા જેવો માહોલ સર્જાયો હતો.યુદ્ધ જેવી વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે સરકાર જયારે પુરવઠો જાળવવા મથી રહી છે. ત્યારે આવી ખોટી અફવાઓ ફેલાવી જનતાને હેરાન કર્યા હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ એસઓજી પીએસઆઈ ધાંગુને સોંપાઈ છે.